Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૫ • અંક : ૧૦ • તા. ૩ થી ૯ માર્ચ ૨૦૧૨ • વાર્ષિક લવાજમ ₹ ૫૦

તંત્રી : રાયચંદ નાગડા • સહતંત્રી : ચંપક જીવાણી | Regn.No.MH/MR/East/53/2012-14



## માંડવી બંદરે શ્રી અજિતનાથ જિનાલયે નૂતન ધ્વજ દંડ પ્રતિષ્ઠા મહોત્સવ



માદરે વતન કચ્છનું માંડવી બંદર જ્યાં એક કાળે ૮૪ બંદરના વાવટા ફરકતા હતા.. દુનિયાભરનું વહાણવટાનું વ્યાપારી મથક માંડવી, જ્યાં શેઠ નરશી નાથાએ જ્ઞાતિનું ગૌરવ જાળવવા પળવારમાં ટેક લઈ જ્ઞાતિની ધર્મશાળા બાંધવા જમીન ખરીદી હતી.. એ ઐતિહાસિક સંસ્મરણો યાદ કરતાં જ **જ્ઞાતિગૌરવ** રોમેરોમ ઝંકૃત બને છે.

તા..૩-૨-૧૮૮૧ના સુથરીના શ્રેષ્ઠીવર્ય **શ્રી ઠાકરશી વેરશી પાશ્વીર (પીર) લોડાયાએ** બંદરરોડ પર અજિતનાથ દાદાની ૨૧ ઈંચની પ્રતિમા બિરાજમાન કરી સુંદર સોહામણું જિનાલય નિર્માણ કરાવ્યું. આ પ્રસંગે પૂ.આ.શ્રી વિવેકસાગરસુરીશ્વરજી મ.સા.આ.ઠા.. એ પ્રતિષ્ઠાવિધાન માટે પાવન નિશ્રા આપેલ.. જે જિનાલયની શતાબ્દિ તા..૧૦-૫-૮૯ થી ૧૪-૫-૮૯ દરમ્યાન પંચાન્હિકા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવરૂપે ઉજવાઈ.

માંડવીમાં જ્ઞાતિ મહાજન સંચાલિત શ્રી શાંતિનાથ જિનાલય પણ છે. શ્રી અજિતનાથ જિનાલયનો નૂતન ધ્વજદંડ પ્રતિષ્ઠા મહોત્સવ તા..૨૯-૨ થી તા..૧-૩-૧૨ દરમ્યાન અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસુરીશ્વરજી મ.સા.આ.ઠા..ની નિશ્રામાં ધામધુમથી ઉજવાયેલ..

૧૩૦ વર્ષ પ્રાચીન આ ત્રિશિખરીય જિનાલય શાસન., કચ્છ, ગચ્છ અને જ્ઞાતિનું ગૌરવ છે. ઓછી જ્ઞાતિ વસતી છતાંય માંડવી બંદરે દશાઈનો ડંકો ગુંજતો અને ગાજતો રહ્યો છે. શ્રધ્ધા-આસ્થા સ્થાન એ તીર્થને કરીએ વંદના...

## પાલીતાણા તીર્થે શ્રી અજિત-શાંતિ પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ

જિનશાસનનાં શ્રુતશાસ્ત્રોમાં દ્વિતીય સ્મરણ "અજિ-સંતો"નાં પવિત્ર સ્તોત્રપાઠનો દિવ્ય ધ્વની ગુંજારવ રોમેરોમ પ્રસન્નતા પાથરે છે. તેની ચેતના સાથે શેત્રુંજય તીર્થની નવટુંકમાં છીપાવસહી ટુંકમાં જિર્ણોધ્ધાર બાદ અજિત-શાંતિની પ્રભુ પુનઃ પ્રતિષ્ઠાનો આણમોલ અવસર જેનો મહામુલો લાભ જ્ઞાતિના **માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર (રાપરગઢ-મુંબઈ)**એ ઉદારદિલે લઈને શેત્રુંજય તીર્થે દશાઈ સંસ્કૃતિનો ડંકો બજાવીને વર્તમાનમાં જિનશાસનની ઉત્કૃષ્ટ ધર્મઆરાધનાનું અનુષ્ઠાન ઉજવી પ્રતાપી પુર્વજો શેઠ શ્રી નરશી નાથા, શેઠ શ્રી કેશવજી નાયક, શેઠ શ્રી નરશી કેશવજી અને શેઠ શ્રી ગોવિંદજી જેવત ખોના પરિવારોના પગલે પગલે સોહામણું સુકૃત રચી જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે. ઉત્કૃષ્ટ અને અદ્દભુત ભાવે ઉજવેલ આ અવસરની સહૃદયે કરીએ ભુરી ભુરી અનુમોદના...

***ધન્ય ધન્ય એ લાભાર્થી પરિવાર...***
***ઉદારભાવે દશાઈ ગૌરવનો ઈતિહાસ કર્યો સાકાર.***



લાભાર્થી પરિવારના સુપુત્રરત્નો રથયાત્રામાં જનમેદનીની અનુમોદના-અભિવાદન ઝીલી રહ્યા છે.

(નોંધ : મહોત્સવની અન્ય તસ્વીરો અને અહેવાલ હવે પછી...)

# હાર્દિક અભિનંદન !



મેહુલ ● ડીમ્પલ ● રાહુલ ● તેજસ

ચિ. રાહુલ ભરત ધરમસી(સુથરી-વડોદરા) CA (Final) પરીક્ષામાં ઉતીર્ણ થયેલ છે.
જીવનમાં દરેક ક્ષેત્રે પ્રગતિ કરે એવી અમારી સૌની મંગળ કામના

**-: શુભાશિષ :-**

સૌ. જયાબેન – તારાચંદ શામજી ધરમસી
સૌ. દેવી – ભરત તારાચંદ ધરમસી
સૌ. અનિતા – જય તારાચંદ ધરમસી

**-: અભિનંદન :-**

ડીમ્પલ ભરત ધરમસી (M.Com)
મેહુલ જય ધરમસી (BE - Mech.)
તેજસ જય ધરમસી

## છેડા અને ડાઘા પરિવારનું ગૌરવ વહાલી દિકરીઓને અંતરનાં હાર્દિક અભિનંદન!



કુ. મિતલ



કુ. નેહા

ચિ. મિતલ અને ચિ. નેહા C.A.ની Finalમાં ઉત્તીર્ણ થતાં અમે સૌ કુટુંબીજનો ગૌરવ અનુભવીએ છીએ. આ જ્વલંત સિધ્ધિ બદલ ખૂબ ખૂબ અભિનંદન..

**-: શુભાશિષ :-**

દાદાણાં : **મા.કમલાબાઈ લાલજી છેડા પરિવાર** (નલિયા)
નાનાણાં : **મા.દેવકાબેન ચાંપશી ડાઘા પરિવાર** (વરાડીયા)
માતા-પિતા : **સૌ. સ્મિતા મધુકાંત છેડા** (શાંતાક્રુઝ-નલિયા)
ફોન: 9223377472

## હાર્દિક શુભેચ્છા !



**અજેશ પ્રબોધ હીરાચંદ મુનવર**

(કોઠારા-વર્ધમાનનગર-ભુજ)

બી.બી.એ.નો અભ્યાસ પૂર્ણ કરી આઈ.સી.આઈ.સી.આઈ. બેંક-અમદાવાદ બ્રાંચ મધ્યે બઢતી સાથે નિમણુંક પામવા બદલ હાર્દિક અભિનંદન અને વધુ પ્રગતિની શુભેચ્છા...

**-: શુભાશિષ :-**

માતુશ્રી કસ્તુરબાઈ હીરાચંદ મુનવર (કોઠારા)
હરીશ એચ. મુનવર • પ્રેમીલાબેન હરીશ મુનવર (અમદાવાદ)
પ્રબોધ એચ. મુનવર • જયાબેન પ્રબોધ મુનવર (ભુજ)
ચંદ્રકાંત એચ. મુનવર • રેવંતીબેન ચંદ્રકાંત મુનવર (કોઠારા)
મુનવર સમસ્ત પરિવારજનો (કોઠારા)

# પ્રતાપી પુર્વજોના પગલે પગલે પાલીતાણામાં દશાઈનો ડંકો ગાજે
# અજિત-શાંતિ પુનઃપ્રતિષ્ઠા અવસર એક નવો ઈતિહાસ સર્જે...























## શાસન પ્રભાવનાનું સુકૃત શોભાવવા ઠેરઠેરથી ભાવિકો ઉમટે
## ઉત્કૃષ્ટ ભાવે ધર્મ આરાધના માટે લાભાર્થીઓ મન મુકી વરસે...



તસ્વીર સંકલન : શ્રી પ્રબોધ મુનવર (ભુજ) આ તસ્વીરો માત્ર રથયાત્રાની છે.

## પાલીતાણા તીર્થે મા.તારાબાઈ માણેકજી મોતા પરિવારે અજિત-શાંતિ પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવરૂપે જિનશાસન પ્રભાવનાનું અનેરૂં અનુષ્ઠાન ઉજ્વી રચ્યો અનુમોદનીય ઈતિહાસ...

જૈન જગતના અવિચલ અનન્ય શ્રધ્ધાસ્થાન શાશ્વતા શ્રી સિધ્ધાચલ તીર્થમાં શ્રી અજિત-શાંતિજિન પુનઃ પ્રતિષ્ઠાનું અણમોલ અનુષ્ઠાન ઉજવવાનું સૌભાગ્ય **મા. તારાબાઈ માણેકજી મોતા પરિવાર (રાપરગઢ-મુંબઈ)** અને **શ્રી મોહોલાલ ઝવેરી પરિવાર** (અમદાવાદ)ને મળ્યું. આ અવસર જૈન જગતના ઈતિહાસમાં સેંકડો વર્ષો બાદ લાભતાં એને આગવી અનોખી રીતે શાસ્ત્રોક્ત જયણાપુર્વક ઉજવીને બન્ને લાભાર્થી પરિવારોએ વર્તમાનમાં એક નવો ઈતિહાસ સર્જવારૂપ ભારતભરમાંથી ભાવિકોની ભરચક ઉપસ્થિતિ અને અનેકવિધ અનુષ્ઠાનો-નિમિત આલંબન રચીને શાસનપ્રભાવનાનો અદ્‌ભુત અવસર માહોલ ઉભો કર્યો અને અનેકાનેકોની અુમોદનાના યશભાગી બન્યા.

ગિરિરાજ ઉપર નવટુંકમાં શ્રી છીપા વસહીની ટુંકમાં આવેલ શ્રી અજિતનાથ અને શ્રી શાંતિનાથની દેરીના સંપુર્ણ જિર્ણોધ્ધાર બાદ પ્રભુજીની પુનઃ પ્રતિષ્ઠાનો અનુપમ અવસર ઉજવવા બન્ને પરિવારોની ભાવના હર્ષોલ્લાસમાં સહભાગી થવા જૈન-જૈનેતર ભાવિકો દેશભરમાંથી ઉમટી પડ્યા હતા. નવ દિવસીય મહામહોત્સવના મંગલકારી કાર્યક્રમોમાં તા.૧૯-૨-૧૨નાં વહેલી સવારે છીપાવસહી ટુકમાં કુંભ સ્થાપના , દીપક સ્થાપના અને પંચકલ્યાણક પુજાવિધિથી મંગલાચરણ થયા.

તા.૨૦-૨-૧૨ના સવાર ૯ વાગે રત્નત્રયી વાટિકામાં પૂ.આ.શ્રી વિજય સંયમરત્નસુરીજીની પ્રથમ માસિક સ્વર્ગારોહણ તિથિ નિમિતે ગુણાનુવાદ સભા યોજાઈ. બપોરે શુભમુર્હતે શ્રી નવપદજીની પુજા ભણાવાઈ. તા.૨૧-૨-૧૨ના સવારે રત્નત્રયી વાટિકામાં પૂજ્ય ગુરૂભગવંતોનું માંગલિક પ્રવચન, બપોરે શ્રી નવ્વાણુંપ્રકારી પુજા અને સાંજે શ્રી સાંજી અપાઈ.

તા.૨૨-૨-૧૨ના સવારે પવિત્ર પહાડ ઉપર છીપાવસહી ટુંકમાં મહોત્સવ નિમિતે પાટલાપુજન, બપોરે અષ્ટાપદજીની પુજા તથા મહેંદીરસમ કાર્યક્રમ રત્નત્રયી વાટિકામાં ઉજવાયા.

તા.૨૩-૨-૧૨ના સવારે ૯ વાગે રત્નત્રયી વાટિકામાં ધ્વજા ભરવાનો મંગલકારી વિધિ થયો. પૂ.આ.શ્રી રામચંદ્રસુરીજીની વડીદિક્ષાની શતાબ્દિ પ્રારંભનિમિતે ગુણાનુવાદ અનુમોદના સમારોહ અને **રત્નત્રયી મહાપુજા**નું ઉદ્‌ઘાટન થયું. સાંજે વાજતેગાજતે ૧૭-૧૭ મુમુક્ષુઓની શોભાયાત્રા સાથે જયતળેટીએ સંધ્યાભક્તિ અને દર્શનનો મંગલકારી કાર્યક્રમ થયો.

તા.૨૪-૨-૧૨નાં સવારે ૯ વાગે મુમુક્ષુઓની ભવ્યાતિભવ્ય વરસીદાન મહાયાત્રાનું તળેટીથી પ્રસ્થાન થયું. આ શોભાયાત્રાનું દશ્ય તીર્થના પાવન સાનિધ્યમાં એક ઐતિહાસિક અવસર બન્યું. હજારો ભાવિકો સહિત ગચ્છભેદ વિના પૂ. આચાર્યોસહ શ્રમણ-શ્રમણીઓએ શાસનના યુનિફોર્મમાં સજજ થઈ જોડાતાં ચતુર્વિધ સંઘનું ભવ્ય અનુમોદનીય સૌભાગ્ય સર્જાયું. "વિતરાગના વૈરાગ્યનું પ્રતિક સાધુ" એ વિરલ દશ્ય ઘડીભર શાસનની પ્રભાવના માટે ઝુકીને વંદન થઈ જાય તેવું અનુમોદનીય અને ભાવવાહી રહ્યું.

આ શોભાયાત્રાની અનેકવિધ વિશેષ આકર્ષણોમાં અનેક નાવિન્ય ઉમેરાયા હતા. ત્રણેક કિલોમીટર લાંબી રજવાડી પ્રભુરથયાત્રામાં દેશ-દેશાવરથી જૈન-જૈનેતર પધારી ઈતિહાસના સાક્ષી બનવા સદ્‌ભાગી બન્યા હતા.

આ અનુપમ અવસરે ભવ્યાતિભવ્ય રથયાત્રામાં ધર્મધ્વજા, ચાંદીરથોમાં બિરાજમાન પ્રભુજી પ્રતિમાઓ, ૧૭-૧૭ મુમુક્ષુઓ ઉછળતા ભાવે અલૌકિક વરસીદાન કરતાં, ૪૫ આગમની શ્રુતજ્ઞાન પાલખીઓ, ભારતભરના વિવિધ રાજ્યોની લોકસંસ્કૃતિ-ઝાંખી દર્શાવતા કલાકાર પથકો, કર્ણાટકથી પધારેલા ગજરાજો અને તેના પર સવાર કલાકાર ભાવિકોના ચામર નૃત્ય, હાથીઓ ઉંટગાડીઓ અને ઘોડાગાડીઓ, શણગારેલી વૃષભગાડીઓ, બગીઓ, નૃત્ય કરતી ઘોડી, વિવિધ રંગ-ઉમંગમાં નૃત્યશૈલી રજુ કરતા કલાકારો, કેરલાનાં પંચવાદ્યો-નેવી, આર્મી અને પોલીસ બેન્ડ પથક, અનુકંપાદાન રથ, તીર્થના ઘડવૈયા નિર્માણ દાતાઓના આબેહુબ પ્રતિકોના રથ, જ્ઞાતિશિરોમણી શેઠ નરશી નાથા, મુકુટમણી શેઠ કેશવજી નાયક અને શેઠ ગોવિંદજી જેવત ખોનાએ ગિરીરાજ પર પ્રસ્થાપેલી જ્ઞાતિની દિલેર ઉદારતા-જાહોજહાલી અને ધર્મભાવનાની પરંપરાને યાદ કરાવતી ઝાંખીઓ ઈતિહાસને ઝળાંહળાં કરી ઝુમી રહી. એજ ભાવનાને ઉજાગર કરતી આ પુનઃ પ્રતિષ્ઠા અવસરની ઝાંખી સાજે વર્તમાનમાં **મોતા અને ઝવેરી પરિવાર** પ્રતાપી પુર્વજોના પગલે પગલે એક નવી યશકલગી ઉમેરી ઈતિહાસ સર્જ્યો છે. ધન્ય છે એ લાભાર્થી પરિવારો જેમના સુકૃતની ભુરી ભુરી અનુમોદના. શાસનપ્રભાવનાનું એક વિરાટ નિમિત બન્યું. વડીલોએ રચેલી પગદંડી વિરાટ રાજમાર્ગમાં પરિવર્તીત થઈ છે.

તળેટીથી સવારે ૯.૦૯ના મુર્હતે પ્રસ્થાન થયેલ આ ભવ્ય રથયાત્રા તીર્થવાટિકામાં પુર્ણવિરામ પામી. સમગ્ર

રથયાત્રા પર સુવાસિત પવિત્ર જલ છંટકાવ, અખંડ ધુપ-દીપની વિધિ, મુમુક્ષુઓ પર પુષ્પવૃષ્ટિ અને જનઉત્સાહ અનેરી શોભા હતી. વિશેષમાં રથયાત્રાનું રનીંગ કામેન્ટરીસહ વર્ણન કરાયું હતું. આ રથયાત્રામાં **ભાંડુપના પખાવાજ મંડળે** આગવી દશાઈ પરંપરા મુજબ પખાવાજ રંગત ઉમેરી વિશેષ આકર્ષણ જમાવ્યું હતું. શ્રી શાંતિજિન, જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈના સ્વયંસેવકોએ દરેક પ્રસંગે સુંદર વ્યવસ્થા જાળવી સેવા બજાવી હતી.

સમી સાંજે દીક્ષાર્થી યુવાઓનું ભવ્ય સન્માન તીર્થવાટિકામાં કરાયું. શાસનમાં પ્રવજ્યામાર્ગનો મહિમા અને મુમુક્ષુઓના શાસનસેવામાં સમર્પિત થવાના સંકલ્પની સમજ અપાઈ. સંયમજીવનની અનુમોદના થઈ. વૈરાગી ભાવિકોનું જાહેર બહુમાન કરવામાં આવ્યું.

તા.૨૫-૨-૧૨નાં સવારે તીર્થવાટિકામાં ધર્મસભામાં ભારતના ૧૦૮ દિગ્ગજોના સુરતાલ સાથે સંગીતની સુરાવલીમાં શ્રી અજિત-શાંતિ સ્તવનાનો કાર્યક્રમ પ્રસ્તુત થયો. મહામુનિ નંદિષેણજી અને શ્રી અજિત શાંતિની પ્રતિક રચના, દ્વિતીય સ્મરણ સ્તોત્રનું રાગ-લયબધ્ધ પઠન અને સમગ્ર અનુષ્ઠાનની ભાવવાહી સમજ વગેરેની રૂપરેખા શ્રોતાજનોનું વિશેષ આકર્ષણ રહ્યું. શા-ીય સંગીતની રજુઆત યુવાઓ સહ વડીલોને ડોલતાં કરી દીધા. ત્રીસેક હજાર ભાવિકોએ લાભ લીધેલ.

સાંજે તળેટીપર વિધિસર મુમુક્ષોના વાયણા કરાવાયા. સલુણી સંધ્યાએ શ્રી જય તળેટીની ભવ્ય પુજા-અર્ચના કરાઈ. સાંજે મુમુક્ષુઓનો ભવ્ય વિદાય સમારંભ યોજાયો અને વિતરાગના માર્ગે જતાં વીરલાઓના વિજય તિલકના ચઢાવા બોલાયા.

તા.૨૬-૨-૧૨ના સવારે શુભમુર્હતે મુમુક્ષુઓનું પ્રવજયા માટે પ્રસ્થાન થયું. તીર્થવાટિકામાં શાનદાર દીક્ષાવિધિનો પ્રારંભ થયો. ગુરૂભગવંતોએ શાસ્ત્રોક્ત ભાગવતી દીક્ષા મંત્રો ઉચ્ચારી મુમુક્ષુઓને તેમના પરમ લક્ષ્યરૂપ રજોહરણ દાન કર્યા, તેમના નામાભિધાન થયા. અસાર સંસાર ત્યાગી વીરની પછેડી વહોરાવવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું.

સાંજે ૧૦૮ સંગીતકારોના સથવારે તીર્થવાટિકામાં ભવ્ય સંધ્યાભક્તિનું અણમોલ આયોજન થયું. પ્રભુભક્તિની ભાવનામાં ભાવિકો સંગીત દિગ્ગજોનાં સાંજિદા સુરોએ ઝુમી ઉઠ્યા. મહાઆરતીનું મનોહારી દૃશ્ય, સાંધ્યભક્તિ-ગિરિરાજ વંદના એક વિરલ અનુષ્ઠાન હતું. ગજરાજ દ્વારા જલાભિષેક વિધિ પણ ભાવવાહી હતી.

મહોત્સવનાં અંતિમદિને તા.૨૭-૨-૧૨ના પાવન ગિરીરાજ ઉપર જયતળેટી, શાંતિનાથ, પુંડરીકસ્વામી, રાયણપગલાં અને આદિનાથદાદાનાં દરબારે ઉત્તમ-ઉત્કૃષ્ટ દવ્ય સામગ્રીએ ૧૦૮ અભિષેક થયા. મુખ્ય પાંચસ્થાનો ઉપરાંત સમગ્ર ગિરિરાજ ઉપર દરેક પ્રભુજીનાં ૧૮ અભિષેક થયા.

છીપાવસહી ટુંકમાં શ્રી અજિત-શાંતિ-દેરીની પુનઃ પ્રતિષ્ઠા મંગલકારી વિધાનો સાથે લાભાર્થી પરિવારો દ્વારા થઈ. ફુલોથી ભક્તિ થઈ. સમગ્ર પહાડપર ધુપ પુજા થઈ.

સવારે ૧૧.૩૦ કલાકે શેત્રુંજય ઉપર અષ્ટોતરી શાંતિ સ્નાત્ર મહોત્સવ અને ૧૨૯ જગ્યાએ પાવન અભિષેક થયા. લાખેણાં ફુલોથી મહાપુજા અને હજારો દીવડાથી ગિરિરાજ સજાવટ થઈ. સુકા મેવાથી ૧૪ રાજલોક રચના થઈ.

આ ભવ્ય મહોત્સવની મંગલકારી પળોનું જીવમાત્રમાં અજિત-શાંતિનું સામ્રાજ્ય સ્થાપવા નિમિતરૂપ બન્યું. બાવિકોપણ આ ઐતિહાસિક અવસરનાં સહભાગી થઈ સાક્ષી બન્યા. હેલીકોપ્ટરથી પુષ્પવૃષ્ટિ થઈ.

બન્ને પરિવારજનોએ સાધર્મિક ભક્તિનો અણમોલ લાભ લઈ ઉત્તમ સ્વામીભક્તિ સરભરા સાચવી. ભરત ચક્રવર્તી ભોજનકક્ષમાં એક સાથે એક વખતે બુફેથી નહીં પણ બહુમાનપુર્વક દસેક હજાર ભાવિકો બેસીને લાભ આપતા હતા.

સમગ્ર મહોત્સવમાં વાહનવ્યવહાર, આવાસ અને ત્રણે સમય સાધર્મિકભક્તિના લાભની અનન્ય-અજોડ અદ્‌ભુત વ્યવસ્થા સૌની ભુરી અનુમોદનાનું અવિસ્મરણીય નિમિત્ત બન્યું.

આ પ્રસંગે ઉમટેલ ચાલીએક હજાર જેટલી જનમેદનીએ આ મહોત્સવ માણ્યો.

દરેક પ્રસંગે "જિજ્ઞાના" અને જયણાનું પાલન થયું એ વિશેષતા હતી. પૂ.આ.શ્રી. મહાબલસુરિ, પુણ્યપાલસુરિ અને યોગતિલકસુરિ આ.ઠા.ની નિશ્રામાં મહોત્સવ યાદગાર ઈતિહાસ બન્યો.

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપના પ્રયત્નોએ મુંબઈથી બસો દ્વારા અને શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈના પ્રયત્નોએ સ્પે. ટ્રેન આયોજન દ્વારા હજારો ભાવિકોએ ઉત્સવમાં સહભાગી થયા હતા. શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપનાં કાર્યકરોએ દરેક પ્રસંગે ખડે પગે ઉચ્ચ સેવા ભાવનાથી વ્યવસ્થા સંભાળી.

હિતયોગી પરિવારના સ્વયંસેવકોએ ભોજનખંડમાં સુંદર સેવાભક્તિ કરી. આ પ્રસંગે જિનશાસનની અનુપમ પ્રભાવના થઈ. ***(શબ્દાંકન : ચંપક જીવાણી)***

## માતુશ્રી નવલબેન નવીનચંદ ધરમશી પરિવાર (સુથરી)ના સુપુત્ર

# શ્રી સંજય ધરમશીની

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈને સાધર્મિક સહાયતાર્થે
## રૂા.૫૦ લાખનું માતબર દાન આપીને...

# યુરેનીયમ ડોનર

## બનવા બદલ

# હૃદયપૂર્વક અનુમોદના !!!

***આસમાનની કોઈ સીમા નથી ધરતીનો કોઈ મોલ નથી,***
***તેમ આ ભરી મહેફિલમાં સંજયભાઈનો કોઈ તોલ નથી.***

એવા **શ્રી સંજય ધરમશી** સાથે હું બાળપણથી ગાઢ પરિચયમાં છું. આ આત્મીયતા અને મૈત્રીથી સુવાસિત સંબંધોની હારમાળા મુંબઈથી પુના સ્થળાંતરીત થઈ, કારણકે સદ્‌ભાગ્યે અમે બને છેલ્લા વીસ વરસથી પુના સેટલ થયા છીએ.

શૂન્યમાંથી સર્જન કરી સોનેરી કારકિર્દી ઘડનાર સંજયભાઈની પુના શહેર અને ડોંબીવલી ક.દ.ઓ. સમાજ માટેની સામાજીક પ્રવૃત્તિઓએ "માનવતા"ની મિશાલ કાયમ કરી છે. અમોને હંમેશા એ ખાત્રી હોય છે કે જીવનમાં કોઈપણ સંકટની ક્ષણે, કોઈની પણ માટે તેઓ અમારી સાથેને સાથે અને હાજરાહજુર હોય છે. સ્પષ્ટવક્તા સંજયભાઈ પોતાની વિચક્ષણ બુધ્ધિ, દૂરંદેશી દષ્ટિકોણ, તથા પોતાના રાજકીય અને સામાજીક સંપર્કોનો યોગ્ય ઉપયોગ કરી દરેક સમયે પોતાની દિલેર વૃત્તિથી સમાજને ઉપયોગી રહ્યા છે.

છેલ્લા ચાર વરસોથી અમારો સંજયભાઈને અનુરોધ હતો કે પ્રસિધ્ધિથી પર રહીને જે સામાજીક કાર્યો કરી રહ્યા છો તેને પ્રકાશમાં લાવી સમાજને અને યુવાવર્ગને એક પ્રેરણાદાયી દષ્ટાંત પૂરૂં પાડે. તેમની સામાજીક સેવાના ઉદાહરણો આપવા આ જગ્યા ખૂબ જ ઓછી પડશે.

આમ ઠસ્સેદાર, રૂઆબદાર અને જાજરમાન વ્યક્તિત્વના માલીક અને ગજબનો આત્મવિશ્વાસ ધરાવતા સંજયને સો સો સલામ...

આવા સોહામણાં સંજયની સોના જેવી ચમક, રૂપા જેવી રમઝટ અને હીરાના ઝગમગાટ જેવી "કિર્તી" ચોતરફ ફેલાઈને પોતાની મંઝીલ પામે એવી આંતરિક શુભકામના સાથે..



**: સંજયના શુભેચ્છક દંપતી :**

**શ્રી ખુશાલ લાલજી મહેશ્વરી અને**
**શ્રીમતી ભાવના ખુશાલ મહેશ્વરી (જખૌ-પુના)નાં પ્રણામ...**



**સંજયના વ્યક્તિત્વને દર્શાવતી બે પંક્તિઓ**

***"હોય કદમ અસ્થિર એને કદી રસ્તો જડતો નથી,***
***ને અડગ મનના મુસાફિરને હિમાલય પણ નડતો નથી."***

।। નમામિ જ્ઞાતિ મૈયે ।।

વહાલાં જ્ઞાતિજનો,

આપ સહુનાં સહયોગ-સથવારે અને અદ્‌ભુત ચાહનાના કારણે આપની અત્યંત પ્રિય યાત્રા-પ્રવાસ કંપની...

**TAN MAN® TOURS & TRAVELS** મુલુન્ડ દાદર પારલા

એ સફળતાપૂર્વક મંઝીલનાં ૨૫ વર્ષ પૂર્ણ કરી, **રજતજયંતિ વર્ષ** ઉજવી રહી છે. ત્યારે ચાહે છે કે પ્રત્યેક જ્ઞાતિજનનું પ્રત્યક્ષરૂપે સંપર્ક કરી, પ્રેમપૂર્વક ઉજવણી સમાપનમાં સાદર આમંત્રીત કરી... અમારા સાહસના સ્તંભ સહયોગીઓનું એક સ્નેહમિલન રચીએ. આ નિમિતે આયોજીત **તા.૧૦માર્ચ'૧૨**ના કાલિદાસ નાટ્યગૃહ-મુલુંડમાં **"જાગો હિન્દુસ્તાની"** સદાબહાર દેશભક્તિના હિન્દી ગીતોનો અનોખો કાર્યક્રમ રાત્રે ૨૦.૩૦ કલાકે આપના ઉમળકાભર્યા પ્રતિસાદથી **હાઉસફુલ** થયેલ છે. **આભાર...** તેમ છતાં હજુ વધુ જ્ઞાતિજનોને આવરી લેવા **તા.૧૭ માર્ચ'૧૨**ના બિરલા માતુશ્રી સભાગૃહ-મરીનલાઇન્સમાં **"નમો-ગુર્જરી-નમો સ્તુતે"** નૃત્ય નાટિકારૂપે ગુજરાતી ગીત-સંગીતના સથવારે ગુજરાતની યાદગાર સફર સાંજે ૧૯.૦૦ કલાકે યોજેલ છે.

સહુ સહભાગી થાય અને આ ઉજવણી માત્ર અમારી નહીં, પણ "આપણી" બને એવી મહેચ્છા તો ખરીજ. પરંતુ સંજોગ-સમયને આધીન એ શક્ય ન બનતાં સમય પાબંદીની હકીકતને સ્વીકારીને અમો આ સ્થળેથી આપ સહુને જાહેર વિજ્ઞપ્તિ દ્વારા હૃદયપૂર્વક અંગત **નિમંત્રણ** આપીએ છીએ. જેને પ્રેમથી સ્વીકારી ચોક્કસપણે અમને આતિથ્ય સત્કારની તક આપશોજી. આપની ઉપસ્થિતિથી અવસર ઉત્સવ બનશે અને અમે ધન્યતા અનુભવીશું.

**-: નિ:શુલ્ક પ્રવેશ પાસો મેળવવા માટે સંપર્ક :-** **- ચીમન મોતા**

25 SILVER JUBILEE

**તન-મન ટુર એન્ડ ટ્રાવેલ્સ - ☐ 9323360708**

**મુલુંડ** : ૧૯/૨૦, મોનાણી સદન (ભુજબલ નિવાસ) નેહરૂ રોડ, મુલુંડ (પ),મુંબઈ-80 (સમય ૧૦થી ૧૯)
**દાદર** : ૨૦ લ્યુનેટ બિલ્ડીંગ, ડો. બાબાસાહેબ આંબેડકર રોડ, દાદર (CR), મુંબઈ-14. (સમય ૧૨ થી ૧૮)
**પાર્લા**: ૩૬, એ વન આર્કેડ, ડી.જે.રોડ, વિલેપાર્લે (પ), મુંબઈ-56.(સમય ૯.૩૦ થી ૧૩ અને ૧૪ થી ૧૮.૩૦)

શતમ્ જીવમ્ શરદ:



**શ્રી રાજકુમાર મહેન્દ્ર મણશી દંડ**

**મોબાઈલ : 99698 10328**

બ્રેઈન ટ્યુમરની ગંભીર બીમારીમાંથી જલ્દી મુક્ત થઈ વિખ્યાત ક્રિકેટર યુવરાજની જેમ સોનગઢ બાલાશ્રમમાં ફરી વહેલી તકે પાછા ફરો એવી આપની આતુરતાપુર્વક વાટ જોતાં બાલાશ્રમના બાળકો, શિક્ષકો, કર્મચારીવર્ગ અને ટ્રસ્ટીગણ..

ચિ. રાજકુમાર, આપ જલ્દી સાજામાજા થઈ સોનગઢની પીચ ઉપર ઝમકદાર બેટીંગ કરવા આવો એવી અભિલાષા...

આવકાર શુભેચ્છા....

માનવસેવાને મહેંકાવતી સેવાલક્ષી સંસ્થા....

MANAV JYOT માનવ જ્યોત PUBLIC CHARITABLE TRUST

આર્થિક સહયોગ આપતા સર્વે દાતાઓનો અંત:કરણપુર્વક આભાર.


મસ્જિદ બંદરથી જવેરાત ક્ષેત્રમાં ૫૦ વર્ષની ગૌરવભરી પરંપરા, હવે આપના માટે મુલુંડ લાવ્યા છે.....

**રમણીકલાલ જયંતિલાલ જ્વેલર**
વિજય શાહ

એ વિંગ, ગ્રાઉન્ડ ફ્લોર, શૉપ નં. 3, પ્રણવ કર્મશિયલ પ્લાઝા, શિવસેના ઓફિસની બાજુમાં, એમ.જી.રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦.

શરૂ કરીએ છીએ
**ગોલ્ડ સ્કીમ**

૦।। ગ્રામથી ૧, ૨, ૫, ૧૦, ૨૦, ૨૫, ૫૦ અને ૧૦૦ ગ્રામ સુધીના સોનાના સિક્કા મુંબઈના હોલસેલ ભાવે મુલુન્ડમાં મળશે.

અમારી વિશેષતા **ચાંદીના સિક્કા.**
લગ્ન, જન્મદિવસ તથા ધાર્મિક કાર્યક્રમોમાં પ્રભાવના માટેની ભેટ, **ચાંદીની નોટ** અમારે અહીંયા ઉપલબ્ધ છે

**98201 18781 ● 2568 0323**

# શેઠ નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ

કાર્યાલય : ૩૦૯/૩૧૧, શેઠ નરશી નાથા સ્ટ્રીટ, ખારેક બજાર, મુંબઈ-૪૦૦૦૦૯.

## વિષય : પાલીતાણામાં ટ્રસ્ટની દેવજી પુનસી ધર્મશાળા વેચાણ બાબત.

ઉપરોક્ત વિષયે ટ્રસ્ટ તરફથી વેંચાણ પ્રક્રિયા બાબત સત્ય હકિકત જ્ઞાતિજનોની જાણ માટે જાહેર કરવામાં આવે છે.

૧) ટ્રસ્ટની માલિકીની પાલીતાણામાં આવેલ દેવજી પુનશી ધર્મશાળાનો ઉપયોગ-વપરાશ વર્ષમાં ફક્ત એકજ વખત ફાગણી તેરસ (છ ગાઉની યાત્રા) સિવાય થતો ન હતો. જેથી ટ્રસ્ટને આ ધર્મશાળાની આવક કરતાં, નિભાવ ખર્ચ, વધુ ભોગવવાનો થતો હતો. જે કારણથી ટ્રસ્ટબોર્ડ આ ધર્મશાળા વેંચાણ કરવાનો નિર્ણય-ઠરાવ કરેલ અને તે માટે નામદાર ચેરીટી કમીશનરશ્રીની રાજકોટ ઓફીસે, ધર્મશાળાની પુરી વિગતો, વર્ણન, ક્ષેત્રફળ વગેરે દરેક મુદ્દાઓની છણાવટ લખી, ધર્મશાળા વેચાણ કરવાની મંજુરી માટે અરજી કરેલ હતી.

૨) રાજકોટ ચેરીટી કમીશ્નરશ્રીની ઓફીસે વખતોવખતનો આટાફેરા કર્યા પછી, હાલના ચેરીટી કમીશ્નરના હાથમાં ફાઈલ આવી અને તેમણે પોતાની સત્તા, કાયદા-નિયમો અન્વયે, તે ધર્મશાળા વેંચાણ કરવા માટેની જાહેરખબર સૌરાષ્ટ્રના બહોળો ફેલાવો ધરાવતા છાપાઓમાં તેમના નામથી છપાવેલ અને સીલબંધ કવરોથી ઓફરો મંગાવેલ. જે તેમની જાહેરાત અન્વયે લગભગ ૫૦થી વધુ સીલબંધ કવરોમાં અલગ અલગ સ્થાનેથી તેમજ મુંબઈથી ક.દ.ઓ. જ્ઞાતિજનોની ઓફરો આવેલ હતી.

૩) ચેરીટી કમીશનરશ્રીની જાહેરાતના નિયત સમયગાળા દરમ્યાન અપાયેલ તારીખે, તે બધા સીલબંધ કવરો ટ્રસ્ટના એક ટ્રસ્ટી અને મેનેજરશ્રી-રાજકોટ તેમની ઓફીસે રૂબરૂમાં સુપ્રત કરેલ. ચેરીટી કમીશ્નરશ્રીએ ઓફરકર્તાઓ તથા અન્યોની હાજરી વચ્ચે બધા સીલબંધ કવરો ખોલીને, કવરોમાં આવેલ ઓફરોની, વધુ રકમ ઉપજ થાય જે માટે ત્યાં તેજ દિવસે, બધાની (મેદની) હાજરી વચ્ચે બોલી (લીલામ) બોલાવેલ. જેમાં વધુમાંવધુ બોલી ₹૩૬.૨૫ લાખ (સવા છત્રીસ લાખ રૂપીયાની) બોલનાર પાર્ટીને તે ધર્મશાળા વેંચાણની મંજુરી, ટ્રસ્ટને સંપુર્ણ પેમેન્ટ, આપવાની શરતો, સમયગાળો નક્કી કરી આપી વેચાણનો હુકમ (તે પાર્ટીને) પસાર કરેલ.

૪) ખરીદકર્તા પાર્ટી પાસેથી ટ્રસ્ટને રૂ.૩૬.૨૫ લાખ (સવા છત્રીસ લાખ પુરા) પુરેપુરૂં પેમેન્ટ તે નિયમ અનુસાર સમયગાળામાં મળી જતાં ચેરીટી કમીશ્નરશ્રીના હુકમ મુજબ, તે ધર્મશાળાનો કબ્જો ખરીદકર્તાને સુપ્રત કરી, તેમના નામે કરી આપેલ છે.

આમ, મજકુર ધર્મશાળા વેંચાણની દરેક પ્રક્રિયા-કાયદાકીય નિયમાનુસાર નામદાર ચેરીટી કમીશ્નરથી થયેલ છે.

૫) દેવજી પુનશી ધર્મશાળાના વેંચાણની રકમ રૂ.૩૬.૨૫ લાખ ચેરીટી કમીશ્નરશ્રીના હુકમ મુજબ રાષ્ટ્રીયકૃત બેંકમાં Fix Depositથી જમા રાખેલ છે.

આ સત્ય હકીકત એટલા માટે જાહેરમાં જણાવીએ છીએ કે જેથી સમાજ-જ્ઞાતિમાં શેઠ નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડના નામ માટે તથા તેના ટ્રસ્ટીઓ માટે ક્યાં પણ શંકા-કુશંકા ન રહેવા પામે. ચેરીટી કમીશનરશ્રીના વેંચાણ ઓર્ડર વગેરે બાબતે જે જ્ઞાતિજનોને ઇન્સપેક્શન લેવું હોય તે ટ્રસ્ટના ઓફીસેથી મેળવી શકશે.

**શેઠ નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડના**

**ટ્રસ્ટબોર્ડના ટ્રસ્ટીઓ વતી**

**રામજી લાલજી ખોના (ટ્રસ્ટી) નાં જય જિનેન્દ્ર**

## બાંઢીયા ગામે ધ્વજા મહોત્સવ

બાંઢીયામાં શ્રી વિમલનાથજી જૈન દેરાસરની ૧૪૮મી વર્ષગાંઠે જેઠ સુદ ૨ને મંગળવાર **તા.૨૨-૪-૨૦૧૨**ના સવારના શુભ મુહુર્તે ધ્વજા ચડાવવામાં આવશે. આ પ્રસંગે પુ.સાધુ - સાધ્વીશ્રીજી પધારશે. તો આ પ્રસંગે સર્વે જ્ઞાતિજનોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

ધ્વજા મહોત્સવ પ્રસંગે સાધર્મિકભક્તિ કાયમી દાતા **સ્વ. શા. મેઘજી પાસ્વીર લાલકા તથા સ્વ. વૈદરાજ ગુણચંદજી ગુલાબચંદજી** તરફથી રાખવામાં આવેલ છે.

### આભાર સાથે અભિનંદન

શ્રી બાંઢીયા જૈન દેરાસરજી માં પુરા વર્ષ માટે "અષ્ટપ્રકારી" પૂજાની સામગ્રી **સ્વ. શેઠશ્રી કાનજી હંસરાજ રતાણી (તેરા-મસ્જીદબંદર)** હસ્તે **ઝમકુબાઈ તથા મઘુરીબાઈ** તરફથી મળેલ છે તે બદલ શ્રી બાંઢીયા મહાજન તેમનો હાર્દિક આભાર માને છે.

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન બાંઢિયા વતી**
**રાજેન્દ્ર કુંવરજી લાલકા**

## મૈશેરી પરિવારની સમુહ પહેડી

કચ્છ **જખૌમાં** નીમવાળા ફળીયામાં બિરાજમાન **મૈશેરી પરિવાર**નાં કુળદેવી શ્રી આશાપુરા માતાજીનાં સ્થાનકે ગંધી બદલવાનું તથા **સમુહપહેડી** ચૈત્ર સુદ પુનમને **તા.૬-૪-૨૦૧૨**નાં શુભ દિવસે આયોજન કરવામાં આવેલ છે.

દરેક ભાવિક પરિવાર તથા નિયાણી બહેનોને તા.૫-૪-૨૦૧૨નાં સાંજ સુધી માતાજીનાં સ્થાનકે બહોળી સંખ્યામાં પધારવા ભાવભરી નમ્ર વિનંતી છે.

**-: સંપર્ક :-**
**ભોઈમા રાજુલબેન મૈશેરી**
**ફોન - 09584431220**

## પાસ થયા - હાર્દિક અભિનંદન !


કુ. દીપા હર્ષદ લોડાયા
ભાંડુપ
MCA


કુ. વિકી હર્ષદ લોડાયા
ભાંડુપ
C.A.


કુ. મિરલ વિજય મુનવર
ગાંધીધામ
B.Sc. (Fashion Design)


કુ. હીરલ વિજય મુનવર
ગાંધીધામ
P.G. Dip. in Mngt.


કુંજ તારક નાગડા
થાણા
C.A.


યશેષ હંસકુમાર ગોસર
મુલુન્ડ
C.A.


જિગર રાજેશ નાગડા
મુલુન્ડ
C.A.


સૌ. ચાર્મી પરાગ નાગડા
નવીમુંબઈ
C.S. LL.B.


તેજસ જ્ઞાનચંદ લોડાયા
ડોંબિવલી
C.A.


## પુત્ર/પુત્રીના સગપણ માટે

સગાસંબંધી, સ્નેહી સજ્જન, હિતેચ્છુના ડાયરામાંથી બહાર આવો અને પોતાના લાડકવાયા પુત્ર/પુત્રીના સગપણ માટે વિશાળ ફલક આપનારા **અંસાજો** કચ્છની વિવિશાળ સેવાનો લાભ લો. આપ પણ આપના પુત્ર/પુત્રીનું નામ જરૂરથી નોંધાવશો. જીવનની આ મહત્વની કેડી પર ડગ માંડજો **અસાંજો કચ્છ ડોટ કોમ સંગ...**

**સંપર્કઃ દિપક કારાણી-29674007/8/9/9969674905**
Register online on - www.asanjokutch.com/matrimonials

।। શ્રી ભીડભંજન પાર્શ્વનાથાય નમઃ ।।

## શ્રી રંગપુર ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન

## શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસરજી અને મહાજનવાડી ટ્રસ્ટ

કાર્યાલય : મુ.પો.. રંગપુર, જીલ્લો જામનગર-૩૬૧૨૮૦

**જિનાલયની ૨૨મી વર્ષગાંઠ અને ધ્વજા મહોત્સવ પ્રસંગે**

**વૈશાખ સુદ ૧૧ને તા.૨-૫-૨૦૧૨ના પધારવા હાર્દિક આમંત્રણ**

જય જિનેન્દ્ર સાથે જણાવવાનું કે રંગપુર ગામમાં સ્થપાયેલ શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દાદાના નૂતન જિનાલયની બાવીસમી વર્ષગાંઠ તિથિનિમિત્તે વિ. સં. ૨૦૬૮, વૈશાખ સુદ ૧૧ને બુધવાર **તા.૨ મે, ૨૦૧૨**ના શુભ દિને સંઘ દ્વારા ધ્વજાઓ ચડાવવામાં આવશે. આ સોહામણાં અવસરે સર્વ ગામવાસીઓને પધારવા આમંત્રણ છે.

**-: કાર્યક્રમ :-**

સવારના ૭ વાગે **સ્નાત્રપુજા**, ૯ વાગે **સત્તરભેદી પૂજા** અને ૧૦ વાગે **ધ્વજા** ચઢાવાશે.
બપોરના ૧૨.૩૦ થી ૨ **સ્વામીવાત્સલ્ય જમણવાર** રહેશે.
સાંજે **આંગી દર્શન** અને રાત્રે ૮ વાગે **ભક્તિ ભાવના રહેશે.**

આ ધ્વજા ચઢાવવાનો લાભ રૂ.૧૧,૦૦૦/-ના નકરાથી વહેલો તે પહેલોના ધોરણે રંગપુરવાસીઓને આપવામાં આવશે. ઉદારભાવે ટ્રસ્ટીઓ પાસે નામો લખાવવા વિનંતી છે.

**શ્રી રંગપૂર દેરાસર ટ્રસ્ટ વતી**

**બીપીન પાશ્વીર નાગડા**

**(માનદ મંત્રી)**

**સંપર્ક : ફોન - 09323525000**

## શ્રી અંબેમા ધરમશી પરિવાર

શ્રી **સુથરી** સ્થાને બિરાજમાન **ધરમશી** પરિવારના કુળદેવી શ્રી અંબેમાંની અસીમ કૃપાથી મુંબઈ નગરે **માતાજી**, શ્રી રામદેવ પીર, શ્રીગણેશજી, શ્રી ક્ષેત્રપાળદાદાની ચૌદમી સમુહ પહેડી પ્રસાદનું આયોજન કરેલ છે. એ પ્રસંગે આપ સર્વેને ભાવભર્યું આમંત્રણ છે.

**શુભ દિવસ : સં.૨૦૬૮ ચૈત્ર સુદ ૩, રવિવાર તા.૨૫-૩-૧૨ના સવારે ૯ ક.**

**-: શુભસ્થળ :-**

**શ્રી માટુંગા કચ્છી મુ.શ્વે.જૈન સંઘની**
**શ્રી નારાણજી શામજી મહાજનવાડી**
**૪૫૨/૪૫૩ ભાઉદાજી રોડ, મહેશ્વરી ઉદ્યાન,**
**માટુંગા (સે.રે.), મુંબઈ-૪૦૦૦૧૯.**

આ પ્રસંગે પરિવારના ભાવિકો તથા નીયાણી બહેનોને સહ પરિવાર પધારવા આમંત્રણ.

## દ્વિતિય પુણ્યતીથીએ શ્રધ્ધાસુમન

**જન્મ**
**૨૮-૧૦-૧૯૫૮**



**અરિહંતશરણ**
**૨૮-૨-૨૦૧૦**

**સ્વ.સૌ.શકુંતલાબેન રાયચંદ દંડ** (સાંધવ-મુલુન્ડ)

જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની
આંસુ મહીંએ આંખથી, યાદો ઝરે છે આપની..

**-: શ્રધ્ધાંજલી સુમન અર્પણ :-**

પતિ : **રાયચંદ નરશી દંડ**
પુત્ર-પુત્રવધુ : **સૌ. આરતી હિરેન દંડ**
**સૌ. દિશા ચિરાગ દંડ**
દિકરી-જમાઈ : **સૌ.અમીતા દિપેશ છેડા**(સુજાપર-નાંદેડ)
પૌત્ર-પૌત્રી : **પ્રિશા હિરેન દંડ ● જૈનીક હિરેન દંડ**
દોહિત્ર : **નીવ દિપેશ છેડા**
**મા. લક્ષ્મીબેન નરશી દંડ પરિવાર** (સાંધવ)
**મા. તારાબેન લાલજી ગાલા પરિવાર** (કોટડી-મહા.)

# ભાવભીની શ્રદ્ધાંજલિ

જન્મ
૧૬-૮-૧૯૫૧



અરીહંતશરણ
૨૨-૨-૨૦૧૨

**અ.સૌ. જશવંતી સુરેશ લોડાયા (દલતુંગી-ચેમ્બુર)**

તમારા હેતની નહોતી કોઈ હદ સ્નેહનાં નહોતા કોઈ સીમાડા,
મમતાની નહોતી કોઈ મર્યાદા, વાત્સલ્યનાં નહોતા કોઈ વાયરા,
આશિષમાં નહોતી કોઈ અધુરાશ, કરૂણાનાં નહોતા કોઈ કિનારા
કેમ કરીને ભૂલીએ તમારા સંભારણાં...

હજી તો જાણે ગઈકાલની જ વાત, ઘણી મીઠી પળો વીતાવી આપ સાથ,
કેટલાંય મેળાવા કર્યા સાથ સાથ, તેવામાં સમય મારી ગયો થાપ!
કુદરતની આ કેવી ક્રુરતા? છુટ્યો તમારો કુટુંબ સાથેનો સંગાથ.
અચાનક ઉઠી ગયો અમારા પરથી તમારો પ્રેમભર્યો હાથ,
મહેનતની કર્મભૂમિપર સાદગીનું બીજ વાવી, પ્રમાણિકતાનું પાણી પાઈ, સુંદર ઉપવન બનાવી,
કુટુંબ માટે એક આદર્શ દષ્ટાંતરૂપ જીવન જીવી મૃત્યુને પણ મહોત્સવ બનાવી ગયા...

આપના દિવ્ય આત્માને પરમ કૃપાળુ અરિહંત પ્રભુ શાશ્વત સુખ અને પરમ શાંતિ બક્ષી મોક્ષગામી બનાવે
એવી સમસ્ત પરિવારજનોની ભાવભીની પ્રાંજલ પ્રાર્થના...

**~ શોકાતુર ~**

**માતુશ્રી પુરબાઈ લખમશી દેવશી લોડાયા પરિવાર**
**માતુશ્રી ગુણવંતીબાઈ ડુંગરશી ઘરમશી ડાઘા પરિવાર**

પતિ - **સુરેશભાઈ**
પુત્ર - **અમીત અને અલ્પેશ**
પુત્રવધુ - **અપર્ણા અને ચૈતાલી**
પૌત્રી - **મેઘા અને સુધા**
દિયર-દેરાણી - **મીના બંકીમ લોડાયા ● નીતા ભુપેન્દ્ર લોડાયા**
ભત્રીજા - **ભાવિની, જીતેન અને ચિંતન**
ભત્રીજી - **સ્વ. દિશિતા, વૃતિ, પ્રાચી અને પ્રિયા**
નણંદ - **જયાબેન મણીલાલ ખોના**
નણંદોઈ - **કંચનબેન ગુલાબચંદ નાગડા ● સુશીલાબેન શશિકાંત દંડ અને ધનલક્ષ્મીબેન**
ભાઈ-ભાભી - **દમયંતી રમેશ ડાઘા ● મધુ સુરેશ ડાઘા**
બેન-બનેવી - **પુષ્પાબેન ચંદ્રકાંત લોડાયા ● રતનબેન પ્રવીણ લાપસીયા**

**તથા સમસ્ત પરિવારની ભાવભીની શ્રધ્ધાંજલિ**

## ''કચ્છી કાવની સરવાણી''

(સંકલનકાર - સોમ ધરમશીં)

### કવિ તેજ - મણકો - ૭

### બે પંક્તિઓ નો મર્મી કવિ

**''કુંજલ ના માર વીરા (૨)**
**કુંજલ વેંધી દરિયા પાર''**

કચ્છી લોકસાહિત્ય પણ અદ્‌ભૂત છે. કચ્છના લોકો જીવદયા પ્રેમી છે તેનું ઉત્તમ પ્રમાણ અમીનાબાઈ મીરનાં અદાભૂત સ્વરોમાં ગવાયેલ આ લોકગીત માંથી મળે છે.

આ પક્ષી જેને કચ્છીમાં કુંજલ, ગુજરાતીમાં કુંજ અને અંગ્રેજીમાં Common Crane કહે છે. તેનો પરિચય આપતાં કવિ 'તેજ' કહે છે.

**''કુણકાર કંધિયું કતારેં ઉડેં,**
**જિજિયું તા જામ નકા ત્રે તાં વેં.''**

કાવ્યમાં જ કવિ આ પક્ષીની ખાસીયત વર્ણવી દે છે. કે સમુહમાં ઉડતું અને નેતૃત્વનાં પાઠ શીખવાડતું આ પક્ષી 'V' આકારે આકાશમાં ઉડતું હોય ત્યારે તેને જોવાનો એક અનહદ આનંદ મળે છે.

કવિશ્રી તેજે અઢળક કાવ્ય સર્જન ન કર્યું હોત તો કદાચ ચાલી જાત, કારણ કે અન્ય સમકાલીન કવિઓ કચ્છી કાવ્ય રચના કરતા હતા. પણ ૩૧૮ પક્ષીઓની (મોટા ભાગના કચ્છની મુલાકાત લે છે અથવા કચ્છમાં વસે છે) ફોટા સહિત તેમજ દરેક પક્ષીના કચ્છી, ગુજરાતી, અંગ્રેજી નામાવલિ સહિત ઓળખાણ. ફક્ત 'તેજ' જ મહેનત કરીને કરાવી શકે.

આ પક્ષીઓને શોધવામાં, તેમની ખાસિય તો જાણવામાં, તેમના ગુજરાતી તેમજ અંગ્રેજી નામો શોધી કાઢવામાં અને કચ્છી ભાષામાં પક્ષી વિશે વિગતવાર માહિતી આપવામાં જોગીડાના તપને પણ બાજુએ મુકી દે તેવી તપશ્ચર્યા, મહેનત, સંઘર્ષ કવિ તેજે કરી એક બેનમુન દળદાર ગ્રંથનું સર્જન કર્યું છે.

**''પખિયનજિયું પિરોલિયું''** આવા ગ્રંથનું સર્જન થયું નથી અને ભવિષ્યમાં થવાની શક્યતા પણ નહીંવત છે. **ન ભૂતો ન ભવિષ્યતિ.**

આ પુસ્તકને મુનિશ્રી ભુવનચંદ્રજી મહારાજનું સંપાદન મળેલ છે અને પક્ષીપ્રેમી તે વખતના નામદાર મહારાજ કુમારશ્રી હિમંતસિંહજી બાવાનાં આર્શિવાદ, કવિ તેજના કેટલાક મિત્રોએ, ચાહકોએ, દિલદારોએ, દાનવીરોએ આ પુસ્તકના પ્રકાશનમાં પોતાની ટચલી આંગડી અડાડી ગોવર્ધન ઉંચકવાનો સફળ પ્રયાસ કર્યો છે. શ્રી લાલ રાંભીયાને અહીં ફરી યાદ કરવા પડે અને ઋણ સ્વીકારવું પડે. કવિ તેજનાં શબ્દોમાં કહીયે તો ''ગ્રંથકે સજાયજી છાપાયજી મિંડે મેનથ શ્રી લાલ રાંભીયા કેંઓ અયોં. હિન કમકે ઈ પિંઢજો જ સમજ્યા અંઈ તિત આભાર પણ કીં મઞણો?

આપણા જૈન સમાજમાં પક્ષીઓને ચણ અને કુતરાને રોટલા આપવાનો ઉપક્રમ વરસોથી ચાલ્યો આવે છે અને દેરાસરોના કેટલાંક ટ્રસ્ટો તિથી પ્રમાણે આ માટે દાન પણ સ્વીકારે છે અને જીવદયા પ્રેમી આપણે સહખુશી આપીએ પણ છીએ.

આ ગ્રંથમાનાં કેટલાક પક્ષીઓ સાથે હવે આપણે ઓળખાણ કરીએ.

સૌ પ્રથમ તો કવિ ઈશ્વરનો આભાર માને છે કે તેં આ પૃથ્વી ઉપર કેવા કેવા ઘાટ ઘડેલ છે, જે આંખને આનંદ અને મનને શાંતિ આપે છે.

**'ગજબ અઇંયેં તું ગોવિંધા, તૉ કિતરા ઘડ઼ે ઘાટ**
**જિતરા તૉ ઘટડ઼ા ઘડે, સે મિડ઼ે લગેંતા લાટ.'**

કવિ તેજ ને પખીઓનો શોર-બકોર, કલરવ અખરતો નથી પણ ગમે છે અને તેથી જ કહે છે...

**અધરાતજો પખી કુછેં, જભાભ કુરો ડીંયું,**
**ઈ મથો ન તા ખેં તેજ, હીલાઇંતા હીંયું.**

હૈયું હલાવી દે છે આ ભાવ જે કવિ માણે છે તે આપણામાંથી કેટલા માણી શકે.

ગ્રંથના શ્રી ગણેશ કરતાં જ કવિ મોરની ઓળખાણ અનોખી રીતે પિરોલિયું (ઉખાણા) દ્વારા આપે છે.

**''સામરે રખેં સિરમથે, સરસતિ કેં વાન;**
**પખિયેંજી જાતમેં ઈ જિજો જાજરમાન.''**

મોરને કચ્છી ભાષામાં કારાયલ કહે છે, અને તેની વિશેષતાઓના કારણે તેને રાષ્ટ્રીય પક્ષીનો દરજ્જો મળેલ છે. કચ્છમાં દેરાસરોની ધજા ફરકે છે તે ટોચ ઉપર ઘણા બધા મોરને બેઠેલા જોયા છે. વર્ષાઋતુના આગમનની ''ટેહુંક... ટેહુંક...'' કરી જાણે છડી ન પોકારતો હોય તેવો મોર ઢેલને આકર્ષવા પોતાની અદ્‌ભૂત કળા દેખાડે છે.

કચ્છના રૂપેરી મહેમાન એટલે સુરખાબ, Greater Flamingo અથવા કચ્છીમાં હંજ. દુરદેશથી આવી કચ્છનાં રણમાં વસી પ્રજનન ક્રિયા પુરી કરી પોતાનાં બચ્ચા સાથે પાછા ઉડી જાય છે. પણ હાલ કચ્છમાં પર્યટકોની આવ-જાવ વધી જવાથી આ પક્ષીઓની પ્રજનન ક્રિયામાં ખલેલ પડે છે અને ઘણીવાર માદાઓ ઇંડા સેવ્યા વગર ઉડી જાય છે. કેટલાક હંજ જખૌ પાસે તળાવમાં વર્ષભર દેખાય છે. આ પક્ષીને કચ્છનાં રાજા લાખો ફુલાણીએ રક્ષણ બક્ષેલું તેથી કવિની કલમ એક અલગ રીતે ઓળખાણ કરાવે છે... (વધુ આવતા અંકે...)

**''રા' લાખેજા જાનીડા ઈ, રણમેં કરીં રખાલ;**
**સુરત સીંભાજે હીયેંકે, છંટેઆ અભીલ ગુલાલ.''**

## A Teacher Reaches your mind - A Guru Touches your spirit

A teacher is a guide on the path,
A Guru is a pointer to the way.
A teacher answers your questions,
A Guru questions your answers.
A teacher helps you get out of the maze,
A Guru destroys the maze.
A teacher instructs you,
A Guru constructs you.
A teacher takes responsibility of your growth,
A Guru makes you responsible for your growth.
A teacher gives you things you do not have and require,
A Guru takes away things you have and do not require,
A teacher requires obedience and discipline from the pupil,
A Guru requires trust and humility from the pupil.
A teacher clothes you and prepares you for the outer journey,
A Guru strips you naked and prepares you for the inner journey.
A teacher sends you on the road to success,
A Guru sends you on the road to freedom.
A teacher explains the world and its nature to you,
A Guru explains yourself and your nature to you.
A teacher makes you understand how to move about in the world,
A Guru shows you where you stand in relation to the world.
A teacher gives you knowledge and boosts your ego,
A Guru takes away your knowledge and punctures your ego.
A teacher sharpens your mind,
A Guru opens your mind.
A teacher shows you the way to prosperity,
Guru shows you the way to posterity.
A teacher reaches your mind,
A Guru touches your spirit.
A teacher offers knowledge,
A Guru awakens wisdom.
A teacher gives you maturity,
A Guru returns you to innocence.
A teacher instructs you on how to solve problems,
A Guru shows you how to resolve issues.
A teacher is a systematic thinker,
A Guru is a lateral thinker.
A teacher punishes you with words and actions,
A Guru is to pupil what mother is to her child.
A teacher leads you by the hand,
A Guru leads you by example.
When a teacher finishes with you, you celebrate,
When a Guru finishes with you, life celebrates.
When the course is over you are thankful to the teacher,
When the discourse is over you are grateful to the Guru.
One can always find a teacher,
But a Guru has to find and accept you.
Let us honour both, the teachers and the Guru in our life !

***(Compiled : Ananya Parivartan Taraf)***


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર
મુલુંડ
પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

॥ શ્રી ભોમિયાદાદાય નમઃ ॥
TAN MAN 1985 25th 2010 SILVER JUBILEE YEAR
તીર્થ યાત્રાઓ અને પર્યટન ક્ષેત્રે ૨૫ વર્ષથી તમારી સાથે...
હોટલ-વાહન-વિમાન ટીકીટોની બુકીંગ અને
ગ્રુપમાં ટેઇલરમેડ ટુરો માટે... તન-મન ટુર્સ

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental™
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ




## આપણી મિલકતો સાચવીએ

મુંબઈમાં આપણી જ્ઞાતિ માટે અતિથીગૃહ અને મહાજનવાડીની સખત જરુર છે. આ બન્ને યોજનાઓ વર્ષોથી ચર્ચાય છે પરંતુ તેનો વ્યવહારીક ઉકેલ હજી સુધી આવ્યો નથી.

શ્રી અનંતનાથજી ટ્રસ્ટ દ્વારા રિડેવલપમેન્ટના રૂએ મધ્ય મુંબઈમાં આપણી "અનંતછાયા" મિલકતનું વેચાણ થયાની કોઈ પણ નોંધ જ્ઞાતિના કોઈ મુખપત્રમાં આવેલ નથી. ટ્રસ્ટે જાતે આ વસાહતનું રિડેવલપમેન્ટ કરી ત્યાંના ભાડુતો-જ્ઞાતિજનો માટે નવા મકાનો બનાવી આપવા જોઈએ અને વધારાની FSIમાં અતિથીગૃહ અને મહાજનવાડી બનાવવા જોઈએ. આવી મોકાની જગા ઉપર આ શુભ કાર્ય માટે આપણી સમગ્ર જ્ઞાતિમાંથી સખી દાનવીરો જરૂરથી મળી રહેશે. જ્ઞાતિના કોઈપણ શુભ કાર્યો પૈસાના અભાવે અટક્યા નથી.

મહાજનશ્રીના મુખપત્ર KDO Worldના ડિસેમ્બર ૨૦૧૧નાં અંકમાં મહાજન પ્રમુખશ્રીએ જ્ઞાતિના સોનેરી ભવિષ્ય માટે શિક્ષણ-સ્વાસ્થ્ય-ઘર-લઘુઉદ્યોગ શરુ કરવા લોન, જરૂરીયાતમંદ વડિલોને સાચવવા માટે મેગા ફંડ ઉભું કરવાનો સુંદર વિચાર દર્શાવ્યો છે. આ મેગાફંડ ઉભું કરવા માટે શ્રી અનંતનાથજી ટ્રસ્ટની મિલ્કતોનું રિડેવલપમેન્ટ કરવાનો વિચાર તેમણે દર્શાવ્યો.

આ યોજના સાકાર કરવા પ્રમુખશ્રી પોતાની આવડતનો લાભ જ્ઞાતિને આપી ટ્રસ્ટના ઉપક્રમે રિડેવલપમેન્ટ કરે તો સોનામાં સુગંધ ભળે! પરંતુ જો અનંતછાયાની જેમ રિડેવલપમેન્ટના નામે ટ્રસ્ટ/દેરાસરની મિલ્કતો વેંચીને ફંડ ઉભું કરવાના હોય તો "ખોદ્યો ડુંગર અને નીકળ્યો ઉંદર" જેવું થાય! ટ્રસ્ટ/દેરાસરની મિલ્કતો વેંચીને ફંડ ઉભું કરવામાં કોઇ પણ હોશિયારી નથી. હોશિયારી તો, મિલ્કતો વેંચ્યા વગર ફંડ ઉભું કરવામાં છે - નવી મિલ્કતો વસાવવામાં છે.

*૧૩-૨-૧૨, મુંબઈ* — *અશોક સોમચંદ દંડ , ઉત્તમચંદ લક્ષ્મીચંદ લોડાયા*

## યાત્રાની અનુમોદનાર્થે યાત્રા

શ્રીમતિ કાશ્મીરાબેન અનો અનિલ કુંવરજી શિયાડ પરિવાર (જખૌ)ના પુત્ર-પુત્રવધુ ચિ. અમિત, ચિ. ભૂમિએ ચૌવિહારી છઠ કરીને શત્રુંજય મહાતીર્થની સાત યાત્રા કરી તથા પૌત્ર ચિ. મોહિતે માત્ર છ વર્ષની ઉંમરે તિવિહારી છઠ કરીને સાત યાત્રા કરી. પૌત્રની નાનીવયે આવી અનોખી સિધ્ધિ બદલ દાદા-દાદી એ અનુમોદનાર્થે લગભગ ૧૨૫ જણાની સાથે કોંકણ પાર્શ્વનાથ (પોટનેર)ની પંચતીર્થીની કૌટુંબિક યાત્રા કરાવીને તપસ્વીઓનો અનુપમ શાળાશી આપી.. અમારા પરિવાર તરફથી એ ભવિ જીવોને વંદના-અનુમોદના..

*૧૦-૨-૧૨ ભાડુંપ* — *જયશ્રી કમલેશ લાપસીયા*

## અંગ્રેજી લખાણો ઉપયોગી થશે

અંગ્રેજી ભાષા માટે "પ્ર.સ.."માં હમણાં વધુ પાના ફાળવાય છે તે અંગે નારાજગી વ્યક્ત કરતો શ્રી શામજીભાઈ છેડાનો પત્ર વાંચ્યો. તેમના મતે પ્ર.સ. સામાન્યમાં સામાન્ય જ્ઞાતિજન માટે છે. બરોબર છે. એમ જ થવું જોઈએ. ખુશી એ જ તેની છે કે એમ જ થાય છે ! મારા જેવા સામાન્ય માણસનો પત્ર આપ વાંચી રહ્યા છો. આપનો પણ પત્ર છપાયો. છપાયોને? જ્ઞાતિ અને જ્ઞાતિહિતને લગતા અગત્યના સમાચાર, બીજા શબ્દોમાં, જ્ઞાતિપ્રવાહની નાની મોટી કેટલી બધી વાતો ગામેગામથી આવે છે અને છપાય છે. આ જ અંકમાં મુંબઈ, વડાલા, વડોદરા, જખૌ, જલગામ, નાગપુર, નાંદેડ ઉપરાંત સોલાપુર અને કોઈમ્બતુર વગેરેના સમાચારો વિગતે છપાયાં છે. આજે જ્ઞાતિનો મોટોવર્ગ શિક્ષિત છે, સૌ ઇચ્છે છે કે તેમના બાળકો ભણે, સૌ ભણે છે. એટલે સામાન્યજ્ઞાન અને અંગ્રેજી માટે ફાળવાતા પાનાં નકામા જવાના નથી! હા, માબાપો આ અંગ્રેજી જ્ઞાનગમ્મતની વાતો સંતાનોને ખાસ વંચાવે તે જરૂરી છે. વધુને વધુ વિદ્યાર્થીઓ વાંચે, સમજે અને પ્ર.સ.માં લખે તે માટે દરેક ઉપાયો કરવા જોઈએ. અંગ્રેજી વિશ્વભાષા છે ને તેના અગત્યની વાત કરવી અહીં પ્રસ્તુત નથી. અંગ્રેજી ભણવાની વાત છે.

વળી અંગ્રેજી સહેલું પણ છે, આપણે ટ્રેન, ટિકિટ, ટિફિન, બૅન્ક, ચેક, બટન જેવર અસંખ્ય શબ્દો આપણે રોજબરોજ વ્યવહારમાં બોલીએ છીએ. ચટણી, પાપડ, શેટી, ધોબી, સાહેબ, ચપરાશી, અવતાર, આત્મા, બિસ્ત્રો, સ્વામિ સાધુ જેવા બે હજારથી વધુ શબ્દો અંગ્રેજીએ અપનાવીને અંગ્રેજી શબ્દકોષમાં સામેલ પણ કરી દીધા છે! માટે અંગ્રેજીનો ડર દૂર કરીને ભણાવાય તો ભાષા સફળ છે.

છેલ્લે, નિલમબેન મોમાયાને તેમના સુંદર પ્રયાસથી TWIN TINKLE માટે અને KDO-Gen. Next હિમાંશુ શાહને સાદી છતાં ઉપયોગી માહિતિ જ્ઞાતિજનોને પીરસવા માટે અભિનંદન. સૌ જ્ઞાતિભાઈઓ વતી આ બંને પ્રતિભાઓને SALAM.

*૨૫-૨-૧૨ અમદાવાદ* — *શાંતિલાલ વ. શાહ*

|| શ્રી અનંતનાથાય નમઃ ||




## રાષ્ટ્રસંત, શાસનસમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મહારાજા

## જન્મશતાબ્દિ મહોત્સવ સમિતિ આયોજીત

# સામૂહિક વરસીતપની આરાધનામાં જોડાવા સમગ્ર જ્ઞાતિજનોને આમંત્રણ

પ્રભુ શ્રી આદિનાથ પરમાત્માએ સળંગ ૪૦૦ દિવસના ઉપવાસ દ્વારા પોતાના પૂર્વભવમાં કરેલ કર્મોને તોડી વરસીતપ રૂપીમહામાર્ગને પ્રસ્થાપીત કર્યો અને એ મહામાર્ગ આજે પણ અખંડ રીતે ચાલી રહયો છે. આપણા પરમ ઉપકારી શતાબ્દિ શ્રેષ્ઠ, શાસનસમ્રાટ, અચલગચ્છાધિપતિ પૂ. ગુરુદેવે પોતાના જીવનમાં સંઘ સમાજની જવાબદારી વચ્ચે **સળંગ આઠ વરસીતપની** આરાધના કરી. આજે એમના પટ્ટધર પ.પૂ. તપસ્વીરત્ન **અચલગચ્છાધિપતિશ્રી સળંગ ૪૭ માં વરસીતપની** આરાધના કરી રહયાં છે. જે ગચ્છ માટે ગૌરવરૂપ છે. પૂ. ગુરુદેવની જન્મશતાબ્દિનો સુવર્ણમય પ્રસંગ ઉજવી રહયાં છીએ ત્યારે વરસીતપના મહાન સંકલ્પમાં જોડાઈ ગુરુગુણના અનરાધાર વરસતા આશીષને પ્રાપ્ત કરીએ...**તો ચાલો વરસીતપની આરાધનાના મહાયજ્ઞમાં જોડાઈ જીવનને ધન્ય બનાવીએ...**

૪૩-૪૩ વરસીતપના તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી **ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.ની પાવનીય નિશ્રામાં ૭૨'' જિનાલય મહાતીર્થે તથા સાહિત્યદિવાકર પ.પૂ.આ.ભ. શ્રી **કલાપ્રભસૂરીશ્વરજી** મ.સા.ની નિશ્રામાં શ્રી ક. વિ. ઓ. દેરાવાસી મહાજનવાડી (ચિંચબંદર) મધ્યે **વરસીતપ ઉચ્ચારણનો મંગલમય પ્રસંગ આયોજીત કરવામાં આવેલ છે...**

**વરસીતપ ઉચ્ચારણનો મંગલમય દિન : ફાગણ વદ ૮ ,તા. ૧૫-૩-૧૨, ગુરૂવાર, સવારના ૮.૩૦ કલાકે**

સવારે ૭.૩૦ કલાકે પ.પૂ. આચાર્યશ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. સાથે 'અનંતનાથ જિનાલય' ચૈત્યવંદન બાદ 'સામૈયા' સ્વરૂપે શ્રી આદિનાથ જિનાલય દર્શન કરી ચિંચબંદર વાડી મધ્યે પહોંચશે.

**ચાલો ભાગ્યશાળીઓ વરસીતપના મહાકુંભમાં જોડાઈ તપ-ધર્મનો જય જયકાર કરીએ. વરસીતપનાં ફોર્મ મુંબઈના અચલગચ્છીય ઉપાશ્રયો તથા પૂ. સાધૂ-સાધવીજી ભગવંતો પાસેથી તેમજ કચ્છમાં ૭૨''જિનાલયેથી તથા મુંબઈમાં જન્મશતાબ્દિ મહોત્સવ કાર્યાલયેથી પ્રાપ્ત કરી શકશો...**

**ચાલો સૌ સાથે મળી કરીએ પ્રભુ શ્રી આદિનાથ પરમાત્માએ આરાધેલ મહાન સાધનાને....**

વિશેષ સંપર્ક : શ્રી રામજી શામજી ધરોડ - ૮૮૭૯૬૩૩૭૮૭ ● શ્રી કુમાર બાબુભાઈ દંડ : ૯૮૧૯૪૬૧૪૧૪ ● શ્રી પ્રિતેશ ઠકરશી દેઢિયા : ૮૮૭૯૬૩૩૭૮૮ ● સમિતિ કાર્યાલય : ૮૮૭૯૬૩૩૭૮૯/૯૦

**એજ લી. જન્મ શતાબ્દિ મહોત્સવ વરિષ્ઠ સમિતિ**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| શ્રી રવિલાલ ઠાકરશી સંગોઈ (પુનડી) | શ્રી અમરચંદ રામજી ગાલા (રાયણ) | શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા (લાખાણીયા) | શ્રી રાજેન્દ્ર માણીલાલ ખોના (સુથરી) | શ્રી દીપક મુલચંદ ગોસર (વીઢ) | શ્રી વિનોદ દેવરાજ ગંગર (ગોધરા) | શ્રી ચેતન મેઘજી મોતા (વારાપધર) |
| શ્રી નવીનભાઈ ઉમરશી ગંગર (નાંગલપુર) | શ્રી ડુંગરશી રામજી ગાલા (રાયણ) | શ્રી રસીકભાઈ નાનજી શાહ (મેરાઉ) | શ્રી કુલીન મોરારજી ગાલા (નાના આસંબિયા) | શ્રી ઉલ્લાસ વલ્લભજી ગાલા (નાના આસંબીયા) | શ્રી માણીલાલ નાજી હરીયા (બાડા) | કુમાર બાબુભાઈ દંડ (તેરા) |
| શ્રી વિરાટભાઈ સેવંતીલાલ શાહ (માંડવી) | શ્રી સુંદરજી મુરજી શાહ (સાણોસરા) | શ્રી વસનજી પાલણ મારૂ (બિદડા) | શ્રી હરખચંદ ખીમજી ગંગર (ચુનડી) | શ્રી શામજી નરશી દંડ (સાંધવ) | શ્રી ઠાકરશી કેશવજી ગડા (નાના રતડિયા) | પ્રિતેશ ઠાકરશી દેઢિયા (તલવાણા) |
| શ્રી પોપટલાલ ભારમલ શાહ (રાયણ) | શ્રી જગશી જેઠાલાલ છેડા (લાયજા) | શ્રી બકુલ ઉમરશી ગંગર (નાંગલપુર) | શ્રી નરેન્દ્ર રામજી નંદુ (વાંઢ) | શ્રી રામજી શામજી ધરોડ (રામાણીયા) | શ્રી કાંતિલાલ નાનજી ગડા (મોટા આસંબિયા) | |
| શ્રી નયન અશોક ભેદા (વારાપધર) | શ્રી મોરારજી નાનજી છેડા (કાંડાગરા) | શ્રી પિયુષ વસનજી ગાલા (નવાવાસ) | શ્રી બંસીલાલ માણેકમલજી શ્રીશ્રીમાલ (બાડમેર) | શ્રી જીતેન્દ્ર જયંતિલાલ છેડા (મોટા આસંબીયા) | શ્રી હીરજી રાયશી પાસડ (દેઢિયા) | |

**જન્મ શતાબ્દિ મહોત્સવ સમિતિના ટ્રસ્ટીઓ**

શ્રી રવિલાલ ઠાકરશી સંગોઈ ● શ્રી નવીનભાઈ ઉમરશી ગંગર ● શ્રી નયન અશોક ભેદા ● શ્રી મોરારજી નાનજી છેડા ● શ્રી રસીકભાઈ નાનજી શાહ ● શ્રી બકુલ ઉમરશી ગંગર ● શ્રી વીરાટભાઈ સેવંતીલાલ શાહ ● શ્રી પિયુષ વસનજી સાવલા ● શ્રી દીપક મુલચંદ ગોસર

॥ જય જય શ્રી અનંતનાથાય ॥

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

આયોજીત

## પંચવર્ષીય કાર્યક્રમના સહયોગી દાતાઓના સહયોગથી

## વિવિધ સમિતિઓ દ્વારા વર્ષ ૨૦૧૨ / ૧૩ દરમ્યાન થનારા (સંભવીત) વિવિધ કાર્યક્રમોની અંદાજીત રૂપરેખા

KDO
દશાઓની *નવી* દિશા

### સાધર્મિક સહાય

વૃદ્ધ અને નબળી પરિસ્થિતિ ધરાવતા જ્ઞાતિજનો માટે દર મહીને રૂા. ૧૫૦૦/-

**(દાતાશ્રી : માતુશ્રી નવલબેન નવીનચંદ્ર ધરમશી - સુથરી)**

વધુ માહિતી માટે સમ્પર્ક : કન્વીનર : વીરેન્દ્ર ભવાનજી લોડાયા - ૯૮૨૧૦ ૭૩૮૩૦

મેમ્બર : રાજેશ રાયચંદ છેડા-૯૮૨૦૨ ૨૬૮૭૩, કીરીટ ઉમરશી છેડા - ૯૮૨૧૦ ૪૯૩૭૨, કવીતા કલ્પેશ ધરમશી - ૯૮૭૦૨ ૦૨૨૨૭, દીમી અનીલ ધરમશી - ૮૧૦૮૦ ૩૨૧૦૯

### ધાર્મિક

| | | | |
|---|---|---|---|
| ૧. | તા. ૨૯-૩-૧૨ થી તા. ૬-૪-૧૨ | આયંબીલ ઓળી | અનંતનાથ જિનાલય મસ્જીદબંદર તથા ભાંડુપ -અનંત સીધ્ધી ત્થા ઘાટકોપર અનંતછાયા - **દાતા આવકાર્ય** |
| ૨. | તા. ૧૯-૪ તથા ૨૦-૪-૧૨ | અનંતનાથ જન્મ/દિક્ષા કલ્યાણક | મસ્જીદબંદર તથા અનંતછાયા મધ્યે ઉજવાશે. |
| ૩. | તા. ૧,૨,૩ - ૫ -૧૨ | ત્રિહાનિકા મહોત્સવ | ઘાટકોપર અનંતછાયા મધ્યે અનંતનાથદાદાની વર્ષગાંઠ પ્રસંગે ધ્વજા મહોત્સવ |
| ૪. | તા. ૨૯, ૩૦, ૩૧-૫-૧૨ | ત્રિહાનીકા મહોત્સવ | શ્રી આદેશ્વરદાદા જિનાલય - ભાંડુપ - વર્ષગાંઠ પ્રસંગે ધ્વજા મહોત્સવ |
| ૫. | તા. ૨૫, ૨૬, ૨૭-૭-૧૨ | ત્રિહાનીકા મહોત્સવ | શ્રી અનંતનાથજી જીનાલયે - મસ્જીદ વર્ષગાઠ પ્રસંગે ધ્વજા મહોત્સવ |
| ૬. | તા. ૧૪-૮-૨૦૧૨ થી ૨૨-૮-૧૨ | પર્યુષાણપર્વ | અનંતનાથજી જિનાલય - અનંતછાયા - અનંત સીધ્ધી મધ્યે ધામધુમ પૂર્વક યોજાશે |
| ૭. | તા.૨૬-૮-૧૨ , રવીવાર<br>સવારના ૮.૦૦ ક. થી ૨.૦૦ | સમૂહ સાંજી (તપસ્વી બહુમાન)<br>સમૂહ ક્ષમાપના - સાધાર્મિક ભકિત | ઝવેરબેન સભાગૃહ-ઘાટકોપર અઠ્ઠાઈ કે તેથી વધુ તપસ્યાના તપસ્વીઓનું બહુમાન |
| ૮. | તા. ૨૮-૯-૧૨ થી ૩૦-૯-૧૨<br>(દિવસ ૩) શુક્ર, શનિ, રવી | કચ્છ ચૈત્ય પરિપાટી | પ.પૂ. અચલગચ્છાધિપતિના - જન્મદિને વંદના -<br>વ્યકિત દીઠ - રૂા. ૫૦૦/- (નોન રીફંડેબલ) ભરી આપના નામ કાર્યલયે લખાવવા વિનંતી |
| ૯. | તા. ૨૧-૧૦-૧૨ થી ૨૯-૧૦-૧૨ | આસો માસની નવપદ આયંબીલ ઓળી | અનંતનાથ જીનાલય મસ્જીદ ત્થા ભાંડુપ અનંતસિદ્ધિ ત્થા ઘાટકોપર અનંતછાયા - **દાતા આવકાર્ય** |
| ૧૦. | તા. ૧૪- ૧૧-૧૨ થી ૨૩-૧૧-૧૨<br>(દિવસ ૧૦)(બેસતાવર્ષે) | કેરાલા-તામિલનાડુ યાત્રા | સર્વે જ્ઞાતિજનો માટે રૂા. ૩૦૦૦/-(એડવાન્સ નોન રીફંડેબલ) બુકીંગ અમાઉન્ટ પ્રતિવ્યકિત<br>મહાજનના કાર્યાલયમાં ભરી નામો નોંધાવવા વિનંતી. (વહેલો તે પહેલાના ધોરણે) |

**અનંતનાથ-મસ્જીદબંદર મધ્યે ચાતુર્માસ માટે પ.પૂ. સાધ્વીજી ભગવંતો પધારશે.**

ચાર્તુમાસ દરમ્યાન અન્ય વિવિધ કાર્યક્રમો યોજાશે, જેની જાણ સમયાંતરે અપાશે.

વધુ માહિતી માટે સંપર્ક : ધાર્મિક સમિતિ કન્વીનર - કુમાર બાબુભાઈ દંડ : મો.૯૩૨૨૬ ૮૦૦૦૮

મેમ્બર : મધુરીબેન લોડાયા, પ્રફૂલ મોતા, કમલેશ શીયાલ, કિરીટ છેડા, ગુલાબ ધરમશી

## એજ્યુકેશન

eduspark
let us light, the light within

**૨૨ એપ્રિલ ૨૦૧૨ : એપ્ટીટ્યુડ ટેસ્ટ** (ધોરણ ૯મી થી ૧૨મી તથા હાયર એજ્યુકેશનના વિદ્યાર્થીઓ માટે)

વધુ માહિતી માટે સંપર્ક : કન્વીનર - હેમાંગ ધરમશી, પૌલોમી ધરમશી - ૯૮૨૧૩૩૫૮૮૮
મેમ્બર : જતીન ધરમશી, બેલા મોતા, ચૈતાલી મોમાયા, કવિતા ધરમશી, દીપ્તી ધરમશી

## સમૂહ લગ્ન

૧) **તા. ૧૫-૪-૨૦૧૨, રવિવાર - સ્થળ - ભાંડુપ** - લગ્ન લખવાની છેલ્લી તારીખ ૧૫-૩-૨૦૧૨

૨) **તા.૧૬-૧૨-૨૦૧૨, રવિવાર - સ્થળ - કાંજુરમાર્ગ - ૧૫ યુગલ** વહેલો તે પહેલાને ધોરણે નામ કાર્યાલય લખાવવા વિનંતી.

વધુ માહિતી માટે સમ્પર્ક :કન્વીનર્સ : મૂકેશ ભવાનજી લોડાયા - ૦૯૮૨૧૧૫૪૩૧૬, રાહુલ મેગજી ધુલ્લા - ૯૮૨૧૪૮૧૪૫૦
મેમ્બર : દેવેન ધરમશી, વીરેન્દ્ર લોડાયા, અરવિંદ લોડાયા, હરીશ શીયાલ, ચાંદની લાલકા, વિપુલ લોડાયા

## સગપણ સેતુ

RIGHT MATCH
Pairs forever

**તા. ૧૦-૬-૨૦૧૨, રવિવાર બપોરના ૩.૦૦ કલાકથી ● સ્થળ : ટીપ ટોપ પ્લાઝા, થાણા (વે)**

વય મર્યાદા ગ્રુપ A : ૨૦ વર્ષ થી ૨૯ વર્ષ ગ્રેજ્યુએટ / પોસ્ટ ગ્રેજ્યુએટ વય મર્યાદા ગ્રુપ B : ૩૦ વર્ષ અને તેથી વધુ ગ્રેજ્યુએટ / પોસ્ટ ગ્રેજ્યુએટ
વય મર્યાદા ગ્રુપ C : ૨૦ વર્ષ થી ૨૯ વર્ષ અંડર ગ્રેજ્યુએટ વય મર્યાદા ગ્રુપ D : ૩૦ વર્ષ અને તેથી વધુ અંડર ગ્રેજ્યુએટ

ઈચ્છુકોએ મહાજનશ્રીના કાર્યલયે રૂ.૨૦૦/- રોકડા ભરી નામ નોંધાવવા વિનંતી. ● દરેક ગ્રુપ અલગ અલગ હોલમાં હશે.

વધુ માહિતી માટે સમ્પર્ક : કન્વીનર - સૌ. ચાંદની પરેશ લાલકા - મો. ૯૮૩૩૨૨૫૦૫૩
મેમ્બર : મધુરીબેન લોડાયા , કવિતા ધરમશી, ગોવિંદજી પટેલ, કિરીટ કુરવા, નીશા શીયાલ

## મેડીકલ શિબિર + મ્યુઝીકલહીલ્સ

શેઠશ્રી નરશીનાથા મેડીકલ ટ્રસ્ટ દ્વારા તા. ૨૦-૫-૨૦૧૨, રવિવાર, સવારના ૯ થી ૨ મ્યુઝીકલહીલ્સ
મ્યુઝીકલ હીલ્સનું સંચાલન - સંગીતકાર : જયંતીભાઈ ગોસર, સ્થળ : સન્મુખાનંદ હોલ, કીંગ સર્કલ
વધુ માહિતી માટે સંપર્ક : મનીષ ડાઘા - ૯૮૨૦૦ ૭૨૭૦૫, ડૉ. નુતન લાપસીયા - ૯૮૨૦૬ ૩૯૦૬૦

## યુવા + સ્પોર્ટ્સ

**સ્પોર્ટ્સ** : તા. ૧૯-૧-૨૦૧૩ સ્થળ : દત પ્રબોધની સંકુલ, મુલુંડ

**વિવિધ રમત-ગમત -ભૂલકાઓ, ટીનએજર્સ ત્થા સીનીયરસીટીઝન દરેક જ્ઞાતિજન સહભાગી થઈ શકે એવી વિવિધ રમતો**

**ટ્રેડ ફેર/ફન ફેર** : તા. ૧૯,૨૦-૧-૨૦૧૩ સ્થળ : દત પ્રબોધની સંકુલ, મુલુંડ

**જ્ઞાતિજનોમા અરસ પરસ વ્યાપાર રોજગાર વધારવા માટે ઉત્તમ પ્રયોગ...**

વધુ માહિતી માટે સંપર્ક : કન્વીનર્સ - દેવેન શાંતિલાલ ધરમશી - ૯૩૨૦૩૩૩૮૪૩, અજય ઝવેરચંદ લોડાયા - ૯૮૯૨૩૭૨૭૭૭
મેમ્બર : ભાવીન સોની, જયેશ મોમાયા, જતીન ધરમશી, ચૈતાલી મોમાયા, કલ્પેશ મોમાયા, સંજય લોડાયા

ઉપરોકત મહાજન શ્રી દ્વારા વિવિધ કાર્યક્રમો (સંભવીત) ની અંદાજીત રૂપરેખા છે જેમાં ફેરફાર શકય છે.
આ કાર્યક્રમો ઉપરાંત અન્ય વિવિધ પ્રવૃતિઓ થશે ત્થા ગૃહ ઉધોગ, મેડીકલ ટ્રસ્ટ, આઈ. ટી. બ્રાન્ડીંગ, જોબ જંકશન, લાગારોલ પત્રક વગેરે સમિતિઓ દ્વારા પ્રવૃતિઓ થશે જેની વિગતવાર માહિતી સમાયંતરે જાહેર ખબરના માધ્યમથી જાણ કરાશે.

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

KDO દશાઓની નવી દિશા

## શ્રી અનંતનાથજી મહારાજ ચોવીસ જિનાલય મહાતીર્થ - મસ્જીદબંદર, શ્રી આદિનાથ જિનાલય અનંત સિધ્ધી ભાંડુપ નગરે તથા અનંતછાયા ઘાટકોપર મધ્યે ચૈત્રી માસની શાશ્વતી નવપદ આયંબીલ ઓળીની આરાધનાના સુઅવસરે હાર્દિક આમંત્રણ

**ઓળી પ્રારંભ :**
સંવત ૨૦૬૮ ચૈત્ર સુદ ૭ ને
ગુરૂવાર, તા. ૨૯-૩-૨૦૧૨

**પૂર્ણાહૂતિ :**
સંવત ૨૦૬૮ ચૈત્ર સુદ પૂનમ ને
શુક્રવાર, તા. ૦૬-૪-૨૦૧૨

**અનંત ધર્મપ્રભાવક નિશ્રા**

**અનંતનાથ જિનાલય - મસ્જીદબંદર તથા**
**અનંતછાયા - ઘાટકોપર મધ્યે**
**પ.પૂ. સાધુ/સાધ્વીજી ભગવંતો નિશ્રા આપશે.**

**આદિનાથ જિનાલય 'અનંત સિધ્ધી' - ભાંડુપ**
તપસ્વીરત્ન અચલગચ્છાધિપતી
પ. પૂ. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ના આજ્ઞાવર્તિની
પ. પૂ. **મનહરશ્રીજી** મ.સા. ના શિષ્યા
પ. પૂ. **વિશ્વલતાશ્રીજી** મ.સા. આદી ઠાણા

**: સંપૂર્ણ ઓળીના લાભાર્થી :**

અનંતનાથ-મસ્જીદબંદર : માતુશ્રી ઝમકુબાઈ પદમશીભાઈ કાનજી લોડાયા હ. મધુરીબાઈ
ઘાટકોપર-અનંતછાયા તથા ભાંડુપ-આદિનાથ જિનાલય-અનંત સિદ્ધિ : શેઠશ્રી મુરજી રાઘવજી લોડાયા પરિવાર-સાંધવ-દાદર

દરોરજ સવારના ૯.૧૫ ક. નવપદ ત્થા શ્રીપાળ ચરિત્ર ઉપર ગુરૂભગવંતો વ્યાખ્યાન ફરમાવશે.
સકળ શ્રી સંઘને પધારવા - આરાધનામાં જોડાવા ભાવભર્યું આમંત્રણ છે.
વધુ માહિતી : સંપર્ક - ધાર્મિક સમિતિ કન્વીનર - કુમાર બાબુભાઈ દંડ ૦૯૮૧૯૪૬૧૪૧૪
મેમ્બર : મધુરીબેન મુલચંદ લોડાયા, પ્રફુલ ચીમનલાલ મોતા, કમલેશ શીવજી શીયાલ, કીરીટ ઉમરશી છેડા, ગુલાબ ડુંગરશી ધરમશી
મસ્જીદ બંદર કાર્યલય :- ૦૨૨-૨૩૪૪૮૨૭૪ ભાંડુપ કાર્યાલય :- ૦૨૨-૨૫૯૫૧૩૭૨ ઘાટકોપર કાર્યાલય : ૦૨૨-૨૫૦૬ ૯૦૯૯

---

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

KDO દશાઓની નવી દિશા

સંચાલિત

## 'નવલ - ધરમ' વૃધ્ધ સાધર્મિક સહાય યોજના

## દાતાશ્રી માતુશ્રી નવલબેન નવિનચંદ્ર ધરમશી સુથરી (પુના-માટુંગા)

શ્રી કચ્છી દશા ઓસવાલ મુંબઈ મહાજનની હદમાં વસવાટ કરતા આર્થિક નબળી પરિસ્થિતીવાળા
વૃધ્ધ કુંટુબ માટે સાધાર્મિક સહાય દ્વારા વૃધ્ધ દંપતીને જીવન નિર્વાહ માટે

**દર મહિને રૂા. ૧૫૦૦/- રોકડ સહાય આપવામાં આવશે.**

આ યોજના અંતર્ગત લાભ લેનાર ઈચ્છુક કુટુંબને મુંબઈ મહાજનના કાર્યાલયમાં ફોર્મ ભરી
આપના તરફથી અરજી કરાતા 'સાધર્મિક સહાય' ની ટીમ સર્વે કરી
આપની અરજી મંજૂર / નામંજૂર ની ભલામણ કરશે.

વધુ માહિતી તથા સંપર્ક : સાધર્મિક સહાય સમિતી કન્વીનર- વીરેન્દ્ર ભવાનજી લોડાયા : ૯૮૨૧૦૭૩૮૩૦
મેમ્બર :- રાજેશ રાયચંદ છેડા -૯૮૨૦૨૬૮૭૩, કીરીટ ઉમરશી છેડા -૯૮૨૧૦૪૯૩૭૨
કવીતા કલ્પેશ ધરમશી -૯૮૭૦૨૦૨૨૨૭, દીપ્તી અનીલ ધરમશી -૮૧૦૮૦૩૨૧૦૯

**સૈંકડો સદીઓને અજવાળતો અને સહસ્ર સદીઓનું આલંબન બનતો**
**અનુપમ અદ્વિતીય અભૂતપૂર્વ ઐતિહાસિક મહામહોત્સવ**
**શાશ્વત શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર, નવટુંક મધ્યે આવેલી**
**શ્રી અજીતનાથ તથા શ્રી શાંતિનાથ ભગવાનની દેરીની**
**પુનઃ પ્રતિષ્ઠાનો મહામહોત્સવ**

# સમસ્ત શ્રી કચ્છી દશા ઓસવાલ સમાજ તથા જિનશાસનની સાથે આ મહાતીર્થના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે.

## પ્રતિષ્ઠા નિમિત્તે આયોજિત નવાન્હિકા મહામહોત્સવમાં પાલીતાણામાં અપૂર્વ માહોલ ભારતભરની કલા જેમાં ઠલવાઈ હતી.... હજારો દર્શકોએ જેને નિહાળી ધન્યતાનો અનુભવ કર્યો તેની આછેરી ઝલકો...

- રજવાડી રથયાત્રા જેમાં કેરેલાથી હાથી, કચ્છથી ઊંટ, રાજસ્થાનથી ઘોડાઓ, ચાંદીના રથો, ભારતના મોટામાં મોટા ૩ બેન્ડો (નેવી બેન્ડ, આર્મી બેન્ડ, પોલીસ બેન્ડ) ભારતભરના પ્રદેશોના ઉચ્ચત્તમ કલાકારોએ પોતાની કલા પ્રદર્શિત કરી હતી.
- ૧૦૮ નામાંકિત કલાકારો દ્વારા સતત સાત કલાક સુધી ૩૦,૦૦૦ થી વધુ શ્રોતાઓની હાજરીમાં પ્રાચીન સ્તોત્ર શ્રી અજીત -શાંતિ સ્તવનનું પઠન
- આઠ તરવરીયા યુવાનો અને નવ યુવતીઓએ સ્વીકારેલ દીક્ષાનો હદયને ડોલાવતો સાત કલાક ચાલેલ અવસર સૌને ચારિત્રભાવ સ્પર્શી ગયો.
- શત્રુંજય મહાતીર્થ ઉપર છીપાવસહી પાસે શ્રી અજીતનાથ-શાંતિનાથ ભગવાનની પુનઃપ્રતિષ્ઠા, પુણેના ખડકવાડી મંડળો દ્વારા કરતા મહાનાદ વચ્ચે ઉલ્લાસભેર સંપન્ન થઇ.
- પ્રતિષ્ઠાની સાથોસાથ ગિરિરાજ ઉપર રહેલ ૨૦,૦૦૦થી વધુ પ્રતિમા-પાદુકાના અઢાર અભિષેક થયા.
- ગિરિરાજ પર જુદા જુદા ૧૨૯ સ્થળે ઔષધિ મિશ્રિત જળથી અભિષેક સંપન્ન થયા.
- ત્રણ લાખથી વધારે ફુલોથી ભગવાનની ભકિત થઇ. ૧૪ રાજલોકની રચના સૂકામેવાથી થઇ.
- લાખો ફુલોની મહેકથી મધમધતી અને એક હજારથી વધુ દીવાઓની રોશનીથી ઝગમગતી એવી અદ્દભુત મહાપૂજા -સેંકડો મહાત્માઓની ભકિત ઉછળતા ઉમંગ સાથે કરાઇ રહી હતી.
- હેલિકોપ્ટર દ્વારા ૯ વાર પુષ્પ વૃષ્ટિ થઇ.
- તથા છેલ્લા ચાર દિવસ ત્રણેય ટંક ૧૫-૨૫-૩૫-૪૫ હજાર જેટલા સાધાર્મિકોની, બુફે પદ્ધતિ નહિ પણ બેસાડીને બહુમાન પૂર્વક ભકિત કરવામાં આવી.

**તમામ આયોજનનું કેન્દ્ર સ્થાન શ્રી જિનાજ્ઞા હતી.**
જિનાજ્ઞા મુજબના આવા આયોજનના ઉપદેશક પ.પુ.આ.ભ. શ્રી **મહાબલસૂરિશ્વરજી** મ.સા.,
પ.પુ.ગચ્છાધિપતિ શ્રી **પુણ્યપાલસૂરિશ્વરજી** મ.સા. તથા પ.પુ.આ.ભ.શ્રી **યોગતિલકસૂરિશ્વરજી** મ.સા. હતા.
સંપૂર્ણ મહોત્સવ દરમ્યાન શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ તથા હીત યોગી પરિવાર તથા
અન્ય કાર્યકર્તાઓની સેવા ભકિત જોઇ અમે આનંદિત થયા.

**જગતના જીવોના હૈયામાં જિન શાસનની પ્રતિષ્ઠા કરનાર જાજરમાન અનુષ્ઠાનો કરાવવાની શકિત, શાસનદેવો મોતા પરિવારને સમર્પે એજ મંગલ પ્રાર્થના.**

**લિ. મહામહોત્સવના દર્શનથી ધન્યતા અનુભવનાર**
**માતુશ્રી ગુણવંતીબેન ભોજરાજ નાગડા પરિવાર - ગામ રાપર ગઢવાળી**
**માતુશ્રી વર્ષાબેન દિલીપ નાગડા પરિવાર - ગામ રાપર ગઢવાળી**

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## મુંબઈ મહાજન દ્વારા ધાર્મિક કાર્યક્રમો

પૂ.આ.શ્રી. આર્યરક્ષિત સુરીની નવમ શતાબ્દિ અને પૂ.આ.શ્રી ગુણસાગરસુરીના જન્મ શતાબ્દિ વર્ષ ઉજવણી નિમિત્તે ગચ્છમાં ભારતભરમાં ૧૦૦૮ વરસીતપ અભિયાન હેઠળ વરસીતપ કરનારા ભાવિકોને ઉજવણી સમિતિ તરફથી હસ્તીનાપુર તીર્થની યાત્રા કરાવવાનો લાભ અપાશે. ફોર્મ-માહિતીમાટે મહાજનશ્રીના કાર્યાલય અને ભાંડુપ દેરાસરેથી વધુ વિગત મળી શકશે. આયંબીલ ઓળી આરાધના માટે તપસ્વીઓની પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસુરીજી આ.ઠા.ની નિશ્રામાં જોગેશ્વરી સંઘમાં ૪૦૦ જણાંને લાભ લેવા વ્યવસ્થા ગોઠવાઈ છે. નામ નોંધણી માટે મુંબઈ મહાજનના કાર્યાલયે સંપર્ક સાધી શકાશે.

## ભોકરધનમાં વિમલપ્રભુનો પ્રવેશ

પૂ.આ.શ્રી. ગુણસાગરસૂરિજી જન્મ શતાબ્દિ નિમિત્તે ૧૫ જૈન પરિવારોના ગામમાં પ્રવચન પ્રભાવક મુ.શ્રી દેવરત્નસાગરજીની પ્રેરણા ઝીલી સ્થાનકની ઉપર વિમલનાથ જિનાલયનું નિર્માણ ચાલુ છે. વસઈના સીએ રાજેશભાઈ તરફથી વિમલપ્રભુ, વસઈ અચલગચ્છ સંઘ પરિકર અને સા.શ્રી અરૂણોદયશ્રીજીની પ્રેરણાથી પાર્લા અચલગચ્છ સંઘે દેરાસરની તમામ સામગ્રી આપી. મલકાપુર સંઘ અને શેઠ નરશી જેઠાભાઈ દંડ પરિવાર તેમજ ઔરંગાબાદ એલર્ટ ગ્રુપના ઉદાર સહયોગથી પ્રભુજીનો પ્રવેશ તા.૨૯-૨ના ધામધુમથી ઉજવાયો. બારસી સંઘે રૂ.૪ લાખ ૧૧ હજાર દેવદ્રવ્યમાંથી આપ્યા. તા.૧૫-૪ના મુ.શ્રી ધર્મપ્રભસાગરજીની નિશ્રામાં જિનાલયમાં પ્રતિષ્ઠા થશે.

## અંબડમાં વાસુપૂજ્ય જિનાલય

જાલના પાસે અંબડમાં મુ.શ્રી દેવરત્નસાગરજીની પ્રેરણાથી નાનું જિનાલય નિર્માણ થયું. વસઈમાં અંજન થયા. તા.૨ માર્ચના ગામમાં પ્રભુપ્રવેશ છે. ગુણસિન્ધુ પરિવારે વિશાળ પરિકર યુક્ત ૧૧ ઈંચના પ્રભુ ભરાવી અર્પણ કરેલ છે.

## મુનિ દેવરત્નસાગરજી કર્ણાટકમાં

બીજાપુરમાં ૧૫ દિવસની સ્થિરતામાં કચ્છી ભુવનના નિર્માણનો પાયો પડ્યો. મુ.શ્રી દેવરત્નસાગરજીની પ્રેરણાથી રૂા.૬૫-૭૦ લાખનું ફંડ થયું. ભૂમિપૂજન કરાવી મુનિવરો જમખંડી પધાર્યા. ચાર દિવસ પ્રવચને રંગ બદલાયો. ૫૦ આરાધકોએ નવ લાખ નવકારના સંકલ્પ કર્યા. મુધોળ અને લોકાપુર બે-બે દિવસ સ્થિરતા કરી નવકાર સંકલ્પ કરાવી પૂજ્યો બાગલકોટ પધાર્યા છે. સંઘ એકતા તથા ગામના જિનાલયે અને જૈન સ્થાનકમાં પ્રવચનો થયા. હવે ગદગ તરફ વિહાર છે. લગભગ ૫/૬ માર્ચ સુધી પધારી આઠ દિવસની સ્થિરતા કરી ચૈત્રી ઓળી હુબલી થશે. અંદાજિત ૨૦/૨૧ માર્ચ સુધી હુબલી પધારશે. ગુણસાગરસૂરિ જન્મ શતાબ્દિ નિમિત્તે ગામેગામ આરાધના થાય છે.

## સાંયરા

તા.૧-૨-૧૨નાં તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પુ.આસ.ભ. ગુણોદયસાગરસુરીજી મ.સા.આ.ઠા., પૂ.સા.શ્રી નંદીષેણાશ્રીજી મ.સા.આ.ઠા. પધારતાં સંઘે વાજતે ગાજતે સામૈયું કરેલ. પૂજ્યશ્રીએ માંગલિક વ્યાખ્યાન આપેલ. મંત્રોચ્ચાર દ્વારા ધ્વજાઓ પર વાસક્ષેપ પૂજન કરેલ. સુથરી, કોઠારા અને વારાપધર સંઘ પધારેલ. મહેમાનો તથા સ્થાનીક સર્વેની સંઘ તરફથી નવકારશી હતી. માતુશ્રી વાલબાઈ દામજી ધ્રોળ, ભચીબાઈ પદમશી લોડાયા, સોનબાઈ મુલજી પટેલ, જયાબાઈ દિનેશ પટેલ, ચંદનબાઈ વિશનજી પટેલ પરિવારો તરફથી મળી. રૂા.૫૦નું સંઘપૂજન થયેલ.

## હુબલીમાં સ્નેહમિલન

શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ-ગાંધીધામ દ્વારા મેફેર ઓડીટોરીયમમાં તા.૫-૨-૧૨ના સ્નેહમિલન યોજાયેલ. આ પ્રસંગે હુબલી મહાજનના પ્રતિનિધિઓ શ્રી ભરત ખીમજી મોમાયા, શ્રી શરદ હેમરાજ મોમાયા તથા શ્રી વીરેન્દ્ર દામજી છેડા તથા સૌ. ગીતાબેન વીરેન્દ્ર છેડાએ મંચપર સ્થાન શોભાવ્યું.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

નવકારમંત્ર પઠન અને શ્રી ભલારાદાદાના ફોટાને માલાર્પણ, ધુપ દીપક પ્રગટાવી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ. સૌ પ્રથમ મહાનશ્રીના ટ્રસ્ટીઓનું શ્રી લબ્ધીભાઈ મોમાયાએ તથા અગ્રણી અતિથીઓનું શ્રી ભલારાદાદા ગ્રુપ તરફથી શ્રી શાંતિલાલ લાલકા તથા સૌ. ચેતનાબેન મોમાયા મોતીની માળા, શાલ શ્રીફળ અને પુષ્પગુચ્છથી સન્માન કરેલ. શ્રી લબ્ધીભાઈ મોમાયાએ હુબલી ગદગના પ્રતિનિધી શ્રી શાંતીલાલ લાલકા તથા શ્રી પરેશભાઈ નાગડાને પુષ્પગુચ્છ અર્પણ કરી નવાજ્યા હતા. હુબલી સમાજવતી શ્રી લબ્ધીભાઈ મોમાયા તથા સૌ. સીમાબેન મોમાયાનું ચિ. સંતોષ લાલકા તેમજ સૌ. છાયાબેન ખોનાએ હાર, શ્રીફળ તથા શાલથી બહુમાન કરેલ.

સૌ. મિત્તલબેન શૈલેષ પટેલે કાર્યક્રમનું સૂત્ર સંચાલન કરેલ. સ્વાગત પ્રવચનનાં શ્રી લબ્ધીભાઈ મોમાયાનો પરિચય તેમજ તેમની સામાજિક પ્રવૃત્તિઓ અંગે સંક્ષિપ્તમાં પરિચય અપાયેલ.

શ્રી લબ્ધીભાઈ મોમાયાએ પધારેલ સૌનો આભાર વ્યક્ત કરતાં, માદરે વતન કચ્છના ઉજળા ભવિષ્ય અને પ્રગતીના પંથે જે રીતે કચ્છ હરણફાળ ભરી રહ્યું છે. એ અંગેની વિસ્તારપુર્વક માહિતી આપી હતી. કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં જ્ઞાતિ તેમજ અન્ય જ્ઞાતિના ભાઈ-બહેનોએ હાજરી આપી. શ્રી. સંતોષ લાલકા તેમજ ચિ. ભાવિન ખોનાની કાર્યપ્રણાલીની શ્રી લબ્ધીભાઈએ પ્રશંસા કરી હતી. સાંજે જમીને સૌ વિખેરાયા હતા. પ્રિતી ભોજનની સુવ્યવસ્થા નવતારા ગ્રુપ (રસોઈ)ના નવયુવાનોએ સારી રીતે સંભાળી હતી.

### પૂ. અચલગચ્છાધિપતી મોટી સિંધોડી પધાર્યા

પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.આ.ઠા.૭ તથા પૂ.સા.શ્રી નંદીષેણાશ્રીજી મ.સા.આ.ઠા.૩ તા.૧૪-૨-૧૨ના સવારે મોટીસિંધોડી પધાર્યા. સંઘે શરણાઈના સુરે તથા ઢોલના તાલે રૂડું સામૈયું કરેલ. દેવદર્શન અને માંગલિક બાદ પૂ. મુનિરાજ શ્રી પ્રિયંકરસાગરજી મ.સા.એ પ્રેરક પ્રવચન આપેલ. રૂા.૨૦નું સંઘપૂજન કરવામાં આવેલ. શ્રી સંઘ તથા શ્રી વાલજીભાઈ ગઢવી પરિવારે પૂજ્યશ્રીને કામળીઓ વહોરાવી.

આ પ્રસંગે મુંબઈથી શ્રી ધનજીભાઈ લોડાયા, ટ્રસ્ટી શ્રી દિનેશભાઈ મૈશેરી, ટ્રસ્ટી શ્રી તિલકભાઈ લોડાયા, માતુશ્રી ધનબાઈ પ્રેમજી લોડાયા, માતુશ્રી મણીબેન ચંદ્રકાંત શાહ, સેક્રેટરી શ્રીમતી હર્ષાબેન લોડાયા, નેમ યુથ ફોરમના પ્રમુખશ્રી વિશાલભાઈ શાહ, શ્રી ગુલાબભાઈ મૈશેરી, શ્રી ગૌતમભાઈ મૈશેરી, ભચાઉથી શ્રી જયેશભાઈ મૈશેરી, શ્રીમતી કલ્પનાબેન મૈશેરી તથા સ્થાનિકે શ્રી લહેરચંદભાઈ મૈશેરીની મહેનતે સમગ્ર કાર્યક્રમ રંગ-ચંગે સંપન્ન થયો.

### શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ
### સીનીયર સીટીઝન ગ્રુપ-મુલુન્ડ

ગ્રુપના ૭૬ સભ્યો કચ્છ દર્શન પ્રવાસમાં જોડાયા હતા. તા.૩૧-૧-૧૨થી તા.૫-૨-૧૨ સુધી કચ્છના જોવાલાયક સ્થળોનો પ્રવાસ કર્યો. પ્રવાસ ખુબ જ આનંદદાયક રહ્યો. કચ્છના વિવિધ સ્થળો જોઈ મન પ્રફુલ્લિત થયું. ગ્રુપના પચીસ સભ્યો, તા.૬-૨ થી તા.૧૫-૨-૧૨ સુધી બિદડા નેચર ક્યોર કેન્દ્રમાં રહી નૈસર્ગીક સારવાર લઈ તા.૧૬-૨-૧૨ના મુલુન્ડ આવી ગયા. આ કેન્દ્રમાં બધી વ્યવસ્થા સુંદર છે.

### શ્રી સચ્ચાઇમા શ્રાવક સંઘ-નાનીખાવડી

નાનીખાવડીમાં બીરાજમાન કુળદેવીશ્રી સચ્ચાઈ માતાજીના મંદિરની ધજા ચઢાવવાનો તેમજ સમુહ નૈવેદ જુહારવાનો પ્રસંગ બુધવાર તા.૪-૪-૧૨ના સવારના ૮ થી ૧ દરમ્યાન નાનીખાવડી મુકામે યોજલે છે. આ પ્રસંગે ભાવિકોને સંઘ તેમજ દાતા પરિવાર દ્વારા સહકુટંબ પધારવા આમંત્રણ છે. કાર્યક્રમના સખી દાતા માતુશ્રી જયાબેન મોતીલાલ દેવજી લોડાયા પરિવા (મોટીખાવડી) એ લાભ લીધેલ છે.

### શ્રી પદમમુક્તિ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટ-ચાલીસગામ

પૂ.સા.શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા. પ્રેરીત ટ્રસ્ટ દ્વારા પૂ.શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.નાં માર્ગદર્શને સફળતાપુર્વક સામાજીક કાર્યો સફળતાપૂર્વક ચાલી રહ્યા છે.

દાતા માતુશ્રી બાંયાબાઈ ભવાનજી શીવજી ઝવેરી પરિવાર હ. શ્રી જીતેન્દ્રભાઈ શામજી ઝવેરી (અમદાવાદ-જખૌ), શ્રી જીતેન્દ્ર શામજી ભવાનજી ઝવેરીના હસ્તે ₹૧,૧૧,૧૧૧નું યોગદાન મળેલ છે ટ્રસ્ટે તેમને “સાધર્મિક




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**



**Trust Regn. No. E–2071 – Kachchh • P. A. No. AABTA 7039 A**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia),
Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

રત્ન."નો ખિતાબ આપેલ છે. આ રકમ તેમણે કાયમી ફંડ માટે આપેલ છે. જેનો ઉપયોગ અન્નદાન, શૈક્ષણિક અને વૈદ્યકિય સહાય માટે કરવામાં આવશે. ટ્રસ્ટ દાતા પરિવારનો આભારી છે. ટ્રસ્ટ દ્વારા દાતા પરિવારનું ચાલીસગામમાં અનુમોદના અને બહુમાનમાં તેમના બહેન હાજર હતા.

## અચલગચ્છીય ઘરોના બારણે સ્ટીકર

અચલગચ્છ સમાચારી પ્રવર્તક દાદા આર્યરક્ષિતસુરીની નવમી શતાબ્દિ અને પૂ.આ.શ્રી ગુણસાગરસુરીજીની જન્મ શતાબ્દિ વર્ષે સમસ્ત અચલગચ્છીય પરિવારોની આગવી ઓળખ માટે ઘરબારણે પ્રતિક સ્ટીકરનું અભિયાન ગચ્છ ગૌરવ-પ્રવચન પ્રભાવક મુનિ દેવરત્નસાગરજીની પ્રેરણા-માર્ગદર્શને વિતરણ કરાયા છે. બીજાપુર (કર્ણાટક)માં પૂ.શ્રી.ની પ્રેરણાએ સમાચારી-ગચ્છ-ગુરૂભક્તિના અનુરાગીઓએ આ ઓળખ અપનાવી ગૌરવ વધારવા અપીલ કરાઈ છે.

## ગદગવાસીઓનું સ્નેહમિલન

તા.૪-૨-૧૨ના ગદગમાં વતનની વિકાસ-ગાથા રૂપરેખા કાર્યક્રમ જ્ઞાતિ પરીવારો સાથે સ્નેહમિલનરૂપે સાંધ્ય પ્રિતીભોજન સાથે યોજેલ. ગદગ મહાજનનાં પ્રમુખશ્રી સતીષભાઈ લુઠીયાના અધ્યક્ષ સ્થાને અને ક.દ.ઓ. અંગ્રેજી શાળાના પ્રમુખ શ્રી ડૉ. પ્રદીપભાઈ ખોનામાં અતિથી વિષેશપદે હતા. ગ્રુપ પરિવારના પ્રતિનિધિ શ્રી પરેશ નાગડા તથા ગાંધીધામથી પધારેલ શ્રી લબ્ધિકુમાર બી. મોમાયાએ વતનનાં વિકાસની ગાથાનો ચિતાર રજુ કર્યો. ગદગમાં હોટલ કુટીર ખાતે મળેલ આ સ્નેહમિલનના કાર્યક્રમનું સુત્ર સંચલન શ્રીમતિ પરંકાબેને કરેલ. નવકાર મહામંત્રથી પ્રારંભ થયેલ. પ્રમુખસ્થાનેની સતીશભાઈ લુઠીયાએ, શ્રી લબ્ધિકુમાર મોમાયા તરફથી જ્ઞાતિના યુવાઓ માટે વિવિધ સ્થળે અપાતાં યોગદાન સાથે તેમની જીવરક્ષા ક્ષેત્રેની નોંધનીય કાર્યવાહીની સરાહના કરેલ. ડૉ. ખોનાએ વતનમાં વિકાસ માટે વર્તમાન સરકાર તરફથી લેવાયેલ વિવિધ આયોજનનો અહેવાલ અપાયેલ.

શ્રી લબ્ધિકુમાર મોમાયાએ છેલ્લા ભુકંપ પછી વતનની બદલાયેલ બ્લુપ્રિન્ટ વિષે, તેમજ રોજગાર આજીવીકાના ખુલેલા નવા દ્વાર, એક્સપોર્ટ-ઈમ્પોર્ટ ક્ષેત્રે મુંદ્રાબંદરની હરણફાળ પ્રગતિ, છેલ્લા ૨૦૦ વર્ષથી લુપ્ત થયેલા સિન્ધુનદીના વહેણ પુનઃ વતનની ધરતી પર પધારી રહ્યા છે. અબડાસામાં ઉત્પન થયેલ ૮૦૦ કરોડના વિક્રમી પાક તેમજ સ્થાનીકે અફાટ ડેવલેપમેન્ટની ચર્ચા કરી વડીલોપાર્જિત જમીન-જાગીરોને સાચવવા અને નિયમિત કરાવા વિસ્તારપૂર્વક સમજ આપી હતી. ઉર્જા ક્ષેત્રે વતનમાં સોલાર કેન્દ્ર અને ટાટા ગ્રુપ, અદાણી ગ્રુપ દ્વારા પાવર પ્રોજેક્ટની વીજ ઉત્પાદન ક્ષમતા, વર્ષ ૨૦૧૫થી કાર્યરત થશે. પંદર લાખ નવી માનવવસ્તી અત્રે રોજગારી અર્થે પધારશે. એ રીતે વતનમાં થનાર મુડીરોકાણ ટુંક સમયમાં મોટું ફળદાયી અને લાભદાયી બનશે. જ્ઞાતિજનોને વતન પધારવા, પ્રગતિ નિહાળવા, મુડી રોકાણ કરી ફાયદા મેળવવા અને વતનની વિરાસતો માટે રસ લેવા આહવાન કરાયેલ. આ માટે જ્ઞાતિજનોને સેવા રૂપે લબ્ધિભાઈ મોમાયા હરહંમેશ માર્ગદર્શન-સહકાર આપવા તૈયારી દર્શાવેલ.

## શ્રી ભલારા ભક્તિ મંડળ-હૈદરાબાદ

મંડળના ઉપક્રમે ભલારાદાદાના સમુહપાઠ તથા પ્રસાદનું આયોજન ચૈત્રી પૂનમના તા.૬ એપ્રીલ ૧૨ના કચ્છી ભવનમાં છે. સમુહપાઠ તથા પ્રસાદીના લાભાર્થી માતુશ્રી હીરાબાઈ નરશી દંડ પરિવાર (પરજાઉ) હ. મીત હેમાંગ દંડ તરફથી છે. ભલારાદાદા નમતા તથા પાઠમાં બેસતા સર્વે ભાવિકોને સહ પરિવાર પધારી પાઠ, જ્યોતદર્શન તથા પ્રસાદીનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ છે.

વધુ વિગત માટે સંપર્ક શ્રી ગુલાબચંદ પદમશી મોતા-૯૪૪૦૧૪૦૪૫૬, શ્રી લહેરચંદ ટોકરશી લોડાયા-૯૨૪૬૫૩૧૦૬૫, શ્રી જવેરચંદ માડણ દંડ-૨૪૦૪૭૭૭૪, શ્રી હંસકુમાર રાયચંદ સાયલા ૯૨૪૬૫૩૨૫૪૫

## શ્રી મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ-કારંજા/મુર્તીજાપુર

મંચની બેઠક તા.૧૫-૧-૧૨ના સૌ. દર્શના જીગેશ લોડાયાના ઘરે મળી. નવકારમંત્ર પઠન કરી હળદી કુંકુનું કાર્યક્રમ રાખવામાં આવેલ. ત્યારબાદ મનોરંજન રમતમાં પ્રશ્નોતરી રખાઈ જેમાં વિજેતા સૌ. દમયંતીબેન જયંતી હરીયા (મુર્તીજાપુર) અને એક મીનીટ ગેમમાં વિજેતા સૌ. રૂપા નંદીશ લોડાયા આવ્યા. સૌ. હંસાબેન લલીત ગોસરનું શીખરજી યાત્રા નિમિતે સન્માન કરવામાં આવ્યું. મંચના અધ્યક્ષા સૌ. કોમલબેન દીલીપ લોડાયા અને સેક્રેટરી સૌ. દર્શના હરીશ ગોસર ચુટાયા છે.


**HOONER FOOD FESTIVAL-2012**

**Advt. Banner ₹150/- only.**
**Stall booking ₹1,600, ₹3,500, ₹6,500 & ₹10,000**
**(Inclusive 250 V/cards + 1000 Phamlets &**
**Full day Food Pass for 2 persons. Last Date 10-4-12**
Contact : **Amit Dand M.9323406052, 9819646199**
E-mail : dandholidays@gmail.com



**બ્યુટી પાર્લર**

ફક્ત બહેનો માટે હાથ-પગનું વેક્સ, ગોલ્ડ બ્લીચ, ગોલ્ડ ફેસિયલ, મેનીક્યોર-પેડીક્યોર, ઓઈલ મસાજ, હેર મહેંદી, હેર પેક ફક્ત રૂા.650માં કરાવો.
સંપર્ક - 98214 35623 / 98922 80499
(બ્યુટિશ્યન જોઈએ છે.)

મંચની બેઠક તા.૧૮-૨-૧૨ સૌ. રૂપા નંદીશ લોડાયાના ઘરે મળેલ. નવકારમંત્ર પઠન બાદ ઉનાળુ વેકેશનમાં અલગ અલગ પ્રવૃતિઓની ચર્ચા વિચારણા કરેલ. ત્યારબાદ એક મીનીટની ગેમમાં ધાર્મિક નામની જોડી લખવામાં પ્રથમ સૌ. દર્શના હરીશ ગોસર અને દ્વિતીય સૌ. કોમલ દિલીપ લોડાયા આવેલ.

૧ મીનીટ ગેમમાં શૃંગાર સ્પર્ધામાં પ્રથમ સૌ. નેહલ આશીષ મોતા, દ્વિતીય સૌ. યોગીતા બીપીન ગોસર આવેલ. વિજેતાઓને પ્રોત્સાહન ઇનામ આપી ઠંડુ પીણું પીને છૂટા પડેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-સુરત

મહાજનશ્રીના ઉપક્રમે સુરત અને આસપાસના પરિસરમાં રહેતા જ્ઞાતિજનોનું સ્નેહમિલન તા.૧૨-૨-૧૨ના હોટેલ એમ્બેસીમાં મળેલ.

પ્રથમ ત્રણ નવકાર ગણી મૈત્રીભાવનું પવિત્ર ઝરણું શ્રીમતી પુષ્પાબેન મૈશેરી તથા શ્રીમતી નીલમબેન ગોસરે રજુ કરેલ. મહાજનના ઉપપ્રમુખ શ્રી ગુલાબચંદ હીરજી છેડાના ભત્રીજા શ્રી કિશોર વાલજી છેડાના દુઃખદ અવસાન બદલ મહાજન વતી બે મિનીટ મૌન પાળી શ્રદ્ધાંજલી આપી. પ્રમુખ શ્રી હીરાલાલભાઈ છેડાએ સ્વાગત પ્રવચન કરેલ. ગત વર્ષના કાર્યક્રમનો ટુંક અહેવાલ અપાયેલ.

શ્રી પ્રવિણચંદ્ર ઘરમશી, કુ. પુર્વી ગોસર તથા પુજા ગોસર દ્વારા મહાજનના દરેક સભ્ય પરિવાર મંચપર બોલાવી અનોખો અંતાક્ષરીની કાર્યક્રમ કરેલ.

નાના બાળકો મનન છેડા તથા ધ્રીતી છેડાએ સુંદર નૃત્ય રજુ કરી સૌના મન જીતી લીધા. મહાજન તરફથી તેમને પ્રોત્સાહન ઇનામ અપાયેલ.

શ્રી મીતેશ છેડા, શ્રી કીરણ મૈશરી, શ્રી. જય ખોના, શ્રી રાહુલ ઘરમશી તથા શ્રી પીંકલ સાયલાએ એક મીનીટની રમતો રમાડી મનોરંજન કરાવ્યું.

શ્રીમતી નમીતા છેડા તથા શ્રીમતી તોરલ છેડાએ ફીલ્મી હાઉઝી રમાડેલ. શ્રી નુતન દામજી નાગડાનું સુરત ડીસ્ટ્રીક ટ્રક સપ્લાયર્સ એસોસીએશનના ઉપપ્રમુખપદે ચુંટાયા બદલ તથા સી.એ. શ્રી હેમલ ઘરમશીએ ઇસાની પરીક્ષા પાસ કરેલ હોવાથી બન્નેનું મહાજન તરફથી બહુમાન કરવામાં આવેલ. ખજાનચી શ્રી પરેશ ખોના તથા સુનીલ ખોનાએ સંઘના આવક જાવકના હિસાબો રજુ કરેલ. કાર્યક્રમનુ સંચાલન શ્રી પ્રવિણચંદ્ર ઘરમશી તથા વ્યવસ્થા શ્રી જીગર છેડા, શ્રી ડોલર છેડા તથા શ્રી મનોજ ગોસર દ્વારા સુંદર રીતે સંભાળવામાં આવેલ.

રાષ્ટ્રગાન ગાઈ કાર્યક્રમની પૂર્ણાહુતી થઈ. બાદ ભોજનની આનંદ માણી સૌ છુટા પડ્યા.

## કવિ તેજનું નવું કાવ્યસંગ્રહ “અધપ”

કચ્છી કાવ્ય રચનાના બેતાજ બાદશાહ કવિ તેજનું ૩૦મું નવું સર્જન એટલે “અધપ”. “અધપ”માં કચ્છી કાવ્યો, કાફીઓ, બહેલ, દુહા અને કચ્છીયત વિચારધારાની બે-બે પંક્તિઓ જે કચ્છ વિષે ઘણું કહી જાય છે. આ પુસ્તક સાહિત્યપ્રેમી સ્વ.શ્રી લીલાધર પાસુભાઈ શાહ (ગાંધીધામ)ને અર્પણ કરાયું છે સમાજજીવનમાં આજે ખરા માણસોને “અધપ વારે ઉભીણું પેઓ”ની પરિસ્થિતિ અનુભવાય છે. તેવી મર્મસભર વાતો આ કાવ્યગ્રંથમાં સ્થાન પામી છે. સાહિત્યસર્જન બદલ હાર્દિક અભિનંદન. સાહિત્યરસિકોએ આ સંગ્રહ વસાવીને માણવા જેવો છે.

## જશાપરમાં પંચાન્હિકા મહોત્સવ ઉજવાયો

જશાપર ગામે મુળનાયક શ્રી આદિનાથ પ્રભુ તથા આદિ જિનબિંબોની પુનઃ પ્રતિષ્ઠા પ્રસંગે પંચાન્હિકા મહોત્સવ પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા., પૂ. ગણિવર્ય શ્રી કવીન્દ્રસાગરજી મ.સા. આદિ શ્રમણ-શ્રમણીવૃંદની નિશ્રામાં યોજાયો. દિપક સ્થાપના જવારારોપણ-નવગ્રહ પૂજન, દશ દિક્પાલ પૂજન, અષ્ટમંગલ પૂજન, નંદાવૃત પૂજન, વિગેરે કાર્યક્રમો યોજાયા હતા.

ઢોલ-શરણાઈનાં સૂરો સાથે જલયાત્રાનાં ભવ્યાતિ ભવ્ય વરઘોડાનો આરંભ જિનાલયેથી થયો હતો.

સર્વશ્રી ઘરમશી, કલ્પેશ છેડા, સંદિપ મોતા, શરદ ઘરમશી, સોમચંદ મોતા, હિરેન ઘરમશી, ગૌતમ ઘરમશી, કિશોરભાઈ સાંયા, પ્રબોધ મુનવર, નરેન્દ્રભાઈ દંડ, નવિનભાઈ નાગડા, ચંદુભાઈ મૈશેરી સહિતનાં સમાજનાં આગેવાનો વિશાળ સંખ્યામાં જોડાયા હતા.

જિનાલયનાં જિનબિંબોની પ્રતિષ્ઠા, ધ્વજદંડ-કળશની પ્રતિષ્ઠા યોજાઈ હતી. આદિનાથ પ્રભુજીની પ્રતિષ્ઠાનો લાભ માતુશ્રી જમકુબાઈ ભવાનજી માડણ, શાંતિનાથપ્રભુની પ્રતિષ્ઠાનો લાભ હીરાચંદ મેઘજી મોતા, ચંદ્રપ્રભુજીની પ્રતિષ્ઠાનો લાભ આણંદ પરિવાર હસ્તે જ્યોતિબેન તથા ચૌમુખજીની પ્રતિષ્ઠાનો લાભ છેડા પરિવાર હસ્તે ક્લપેશભાઈ


શુભેચ્છા સહ....
**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.



શુભેચ્છા સહ...
Laxmichand Dharshi
**MOTA SHIPPING AGENCY**
C.H.A.No.11-0404

છેડાએ લીધો હતો.. મુખ્ય ધ્વજદંડનાં ચડાવાનો લાભ દમયંતીબેન ખીમચંદ ધરમશી, મુખ્ય શિખરે કળશ સ્થાપનાનો લાભ વંદનાબેન નિપેશ હીરાચંદ પટેલ, રંગમંડપ કળશ સ્થાપનનો લાભ પ્રેમાબાઈ કુંવરજી મોતા પરિવારે જ્યારે કકુ થાપાનો લાભ શ્રી ધનજી દામજી મોતા પરિવારે લીધો હતો.. આ પ્રસંગે વિશાળ સંખ્યામાં જશાપરવાસીઓ માદરે વતન પધાર્યા હતા..

સર્વશ્રી લક્ષ્મીચંદ ધરમશી, શાંતલિાલ છેડા, શરદ ધરમશી, નરેન્દ્ર ધરમશી, દામજી છેડા, સંદીપ મોતા, તરૂણ મહેતા તથા સર્વે કાર્યકર ભાઈ-બહેનોએ મહોત્સવને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી..

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-દલતુંગી

શ્રી અજિતનાથ દેરાસર ટ્રસ્ટ-દલતુંગી દ્વારા એક સભા રવિ.. તા.૧૮-૩-૧૨ના બપોરે ૩ વાગે શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ, વાલજી લધા ક્રોસ રોડ, મુલુન્ડ (વે) માં યોજેલ છે. જેમાં સૌને પધારવા આમંત્રણ છે.

દેરાસરજીની ધ્વજા તા..૨૬-૪-૧૨ના ચઢાવાશે.. જેના ચડાવા સ્થાનિકે બોલી આદેશ અપાશે.. સ્નેહમિલન સમારોહની સી.ડી.. આવી ગયેલ છે. એક સેટના ₹૧૦૦ પ્રમાણે કાર્યકરો પાસેથી મેળવી શકાશે.. ધ્વજા પ્રસંગે સર્વે ગામવાસીઓને આમંત્રણ છે.

### માંડવીમાં નૂતન ધ્વજદંડ પ્રતિષ્ઠા મહોત્સવ

માંડવી શહેરનાં આંગણે બંદરરોડ પર આવેલ ૧૩૦ વર્ષ પ્રાચીન તીર્થ સ્વરૂપ ત્રિશિખરીય શ્રી અજીતનાથ જિનાલયનાં જિર્ણોદ્ધાર બાદ નૂતન ધ્વજદંડ આદિની પ્રતિષ્ઠાનો પ્રસંગ તા..૨૯-૨ થી તા.૧-૩ સુધી તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પુ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.પૂ.ગણિવર્ય શ્રી કવિન્દ્રસાગરજી મ.સા.. આદિ ધામધુમથી શ્રમણ-શ્રમણીવૃંદની નિશ્રામાં ઉજવાયો..

તા.૨૯-૨ સવારે ૯ કલાકે ગુરૂભગવંતશ્રીઓનું અચલગચ્છ દેરાસરેથી વાજતે-ગાજતે ભવ્ય સામૈયું કરવામાં આવેલ. સવારે નવકારશી બાદ માંગલિક શ્રવણ સમયે નૂતન ધ્વજદંડ પ્રતિષ્ઠાનાં ચડાવા બોલાવવામાં આવ્યા. બપોરે શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણકપૂજા હતી.

તા.૨૭-૨ સવારે ૯ કલાકે માતુશ્રી વેજબાઈ કુંવરજી લાલકા પરિવાર દ્વારા શ્રી અજિતનાથ મહાપૂજન, તા.૨૮-૨ સવારે ૯ કલાકે કુંભ સ્થાપના, અખંડ દિપક સ્થાપના, જવારારોપણ વિધિ, નવગૃહપુજન દશ દિક્પાલ પૂજન, અષ્ટમંગલ પૂજન ભણાવાયા..

તા.૨૯-૨ સવારે ૯ કલાકે અઢાર અભિષેક, તા.૧-૩નાં સવારે શુભમુહર્તે નૂતન ધ્વજદંડ પ્રતિષ્ઠા, શ્રી લઘુ શાંતિ સ્નાત્ર પૂજન અને નગરધારાવળી વગેરે હતા. તા.૧-૩ બપોરે સમસ્ત જૈન સંઘોની સાધર્મિક ભક્તિ હતી.. જેનો લાભ માતુશ્રી જશુમતીબેન મણીલાલ વોરા પરિવાર હ. દિપ્તીબેન, ચિરાગ-દેવએ લીધેલ.. તા.૨-૩ સવારે જિનાલયનું દ્વારોદ્‌ઘાટન થયું.

મહોત્સવનાં પાંચે દિવસે આંગીરચના થઈ. તા.૨૬ અને ૨૭નાં રાત્રે ૮ કલાકે થરાની સુગમસંગીત પાર્ટીનાં કલાકારો દ્વારા સ્તવનો-ભજન-દુહા-રાસ-છંદ વગેરે સાથે ભાવના થઈ.

છેલ્લા ત્રણ દિવસ ભાવનામાં શ્રી મેહુલ ઠાકુર એન્ડ પાર્ટીએ સ્તવનોની રમઝટ જમાવેલ.. સાંસ્કૃતિક કાર્યક્રમો તથા ધાર્મિક નાટિકા રજુ થઈ. વિધિવિધાન સંગીત સાથે શ્રી ચંદ્રકાન્તભાઈ દેઢીયા (બીદડા) એ કરાવેલ..

૧૩૦ વર્ષ પ્રાચીન તીર્થસ્વરૂપ ત્રિશિખરીય શ્રી અજીતનાથજી જિનાલયનુ ₹ પચાસ લાખનાં ખર્ચે જીર્ણોદ્ધાર થયું છે. જેમાં શેઠ શ્રી આણંદજી કલ્યાણજી પેઢી, શ્રી રાયચંદ હંસરાજ ધરમશી (સુથરી) મુખ્ય દાતા અને શ્રી મુલુન્ડ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, શ્રી મહારાષ્ટ્ર ભુવન જૈન ધર્મશાળા-પાલીતાણા હસ્તે માતુશ્રી તારાબેન માણેકજી મોતા પરિવાર (રાપરગઢવારી) જિર્ણોધ્ધારના સ્તંભ દાતા છે.

શેઠ વર્ધમાન કલ્યાણજી ટ્રસ્ટ ભદ્રેશ્વરતીર્થ, શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘ-માંડવી જિર્ણોધ્ધારનાં સારથીદાતા છે.

શ્વેતામ્બર મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘ-ભુજ, શ્રી કાંડાગરા શ્વેતામ્બર મૂર્તિપૂજક અચલગચ્છ જૈન સંઘ, શ્રી અચલગચ્છ જૈન સંઘ-અમદાવાદે જિનાલયના જિર્ણોદ્ધાર સાથી દાતા તરીકેનો લાભ લીધો છે.

જિનાલયનાં લાખેણા દાતા શ્રી વિર્લેપારલા અચલગચ્છ જૈન સંઘ, જ્યારે જિર્ણોધ્ધાર સુવાર્ણદાતા તરીકેનો લાભ પૂ.સા.શ્રી નરેન્દ્રશ્રીજી મ.સા.. તથા પૂ.સા.. વિપુલપ્રભાશ્રીજી મ.સા.ની પુણ્યસ્મૃતિ નિમિત્તે શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટ-તેરા, શ્રી ક.દ.ઓ.. જૈન સમાજ-વડોદરા, શ્રી અચલગચ્છ જૈન સંઘ-અંકલેશ્વર, શ્રી ખુશાલ જીવરાજ ભેદા-ભુજપુર, સ્વ.. માણીબેન હાથીભાઈ ઝવેરી-માંડવી હ. સ્વ.. પુષ્પાબેન સ્વ.. સુશીલાબેન અને સ્વ.. વિમળાબેન, શ્રી અમદાવાદ દેરાસર જિર્ણોધ્ધાર સમિતિ તથા શ્રી અચલગચ્છ જૈન સંઘ-ભુજ એ લાભ લીધેલ છે.

અયોધ્યાનગરી રંગમંડપનાં લાભાર્થી પૂ.. ગણિવર્ય શ્રી કવિન્દ્રસાગરજી મ.સા.ની પ્રેરણાથી શ્રીમતિ રાજબાઈ લક્ષ્મીચંદ ધારશી મોતા પરિવાર શ્રી ધીરેનના આત્મશ્રેયાર્થે (લાખાણીયા-વડાલા) છે. જ્યારે ભરત ચક્રવર્તિ સાધર્મિક ભક્તિ મંડપનાં લાભાર્થી અચલગચ્છાધિપતિશ્રીની પ્રેરણાથી શ્રીમતિ લીલમબેન દેવજી પાલાણી પરિવાર (કોઠારા-અંધેરી) છે. દરરોજ આંગીરચના તથા જિનાલય શણગારનો લાભ દાતા માતુશ્રી ચંપાબેન હંસરાજ ડાઘા પરિવાર (વરાડીયા)એ જ્યારે

દર્શનાર્થીઓના આવાગમનના વાહન વ્યવસ્થાના લાભાર્થી શ્રી ક.દ.ઓ. જૈન મહાજન-માંડવીએ લીધેલ છે.

મહોત્સવને સફળ બનાવવા શ્રી ભદ્રીક મૈશેરી, એલ.યુ. મૈશેરી, ગુલાબ મૈશેરી, વિનય મૈશેરી, પ્રબોધ મુનવર, તિલક ડાઘા, દિલીપ મૈશેરી, શાંતિલાલ લોડાયા, લહેરચંદ મૈશેરી, હીરાચંદ લોડાયા, હીરેન ઘરમશી, રાજેશ નાગડા, વર્ષલ લોડાયા, મીના મૈશેરી, ચાંદની મૈશેરી, ભાવના ગાલા, લતા ડાઘા, જીજ્ઞા નાગડા, કલ્પના નાગડા વગેરે સર્વે કાર્યકરોએ જહેમત લીધી. ધ્વજદંડ પ્રતિષ્ઠા મહોત્સવ રંગે ચંગે ઉજવાયો.

## શ્રી અચલગચ્છ જૈન સંઘ-ડોંબિવલી

સંઘની આગામી ત્રણ વર્ષની વ્ય. સમિતિ અને ટ્રસ્ટબોર્ડની ચુંટણી બિનવિરોધ થઈ છે. નવા-ચુંટાયેલા સભ્યોમાં ટ્રસ્ટીપદે શ્રી નરેન્દ્ર જેતશી શિયાલ (દલતુંગી) અને કારોબારીમાં સર્વશ્રી પ્રવીણ ટોકરશી લોડાયા (કોઠારા), ઘનજી દેવશી ઘરમશી (નાનીસિંઘોડી), સુર્યકાંત વાલજી ખોના (નલીયા), શ્રી ભરત વેરશી જીવાણી (જખૌ) ચુંટાયા છે. ચુંટણીપંચના નિયામક તરીકે ચંપક જીવાણીએ ફરજ બજાવેલ.

## પૂ.સા.શ્રી ચંદ્રકળાશ્રીજીનો કાળધર્મ

અચલગચ્છીય પૂ.સા.શ્રી ચંદ્રકળાશ્રીજી મ.સા. (ઉ.વ.૯૨-ચારિત્ર્યપર્યાય ૪૦ વર્ષ) તા.૨૫-૨-૧૨ના ૭૨ જિનાલય (કચ્છ)માં સમાધિપુર્વક કાળધર્મ પામ્યા. પૂજ્યશ્રીને ભાવભીની સ્મરણાંજલિ વંદના.

## નિ:શુલ્ક સગપણ સેવા

હુબલીના સામાજિક કાર્યકર શ્રી શાંતિલાલ રામજી લાલકા જ્ઞાતિજનો માટે સગપણ વિષયક માહિતી આપ-લે માટે નિ:શુલ્ક માધ્યમરૂપે માનદ સેવા આપે છે. ઇચ્છુકો લાભ લઈ શકશે. સંપર્ક : બી-૧૧ કચ્છી હાઉસ, જયચામ રાજુનગર, હુબલી-૫૮૦૦૨૦. ફોન ૦૯૨૪૨૨૨૦૮૦૩

## શ્રી કચ્છી એકવોકેટ વેલફેર એસો.

એસોસીયેશની કારોબારી સમિતિની ચુંટણી થતાં જરૂરી બેઠકો જેટલાંજ ઉમેદવારીપત્રકો આવતાં સર્વે બિનવિરોધ ચુંટાયેલા જાહેર થયા છે. પ્રમુખપદે શ્રી નિરંજન લાપસીયા છે. કારોબારીમાં જ્ઞાતિના વકીલ શ્રી ઉદયન લાલજી લોડાયા (મોટીસિંઘોડી-મુલુન્ડ)નો પણ સમાવેશ છે.

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **અશોક હીરજી લાપસીયા** | લીબાસ, ૨૩૩ નવી પેઠ, ચાંદની હોટેલ સામે, સ્ટેશન રોડ, જલગામ ૪૨૫૦૦૧. ફોન 0257-2227267 |
| **હેમેન્દ્ર કે. શાહ** | F=14 તક્ષશીલા ટાવર, નાલંદા કોમ્પ્લેક્સ પાસે, વસ્ત્રાપુર, અમદાવાદ-GJ |
| **ધીરેન્દ્ર સી. નાગડા** | A-10, ઓમરાજા, ઉષાનગર સામે, વીલેજ રોડ, ભાંડુપ (વે), મુંબઈ-૭૮. ફોન ૦૯૩૨૩૭૮૮૫૪૮ |
| **અશોક કાનજી દંડ** | B-11, માધવવ્રજ એપા., શરૂ સેક્શન રોડ, પોલીસ ક્વાટર્સ સામે, જામનગર-361008 ફોન 09099213651 |
| **પંકજ વેલજી લોડાયા** | B-51, બ્રહ્મમોક્ષ, ગાવડે રોડ, મુલુન્ડ (વે), મુંબઈ-૪૦૦૦૮૦. ફોન ૯૮૨૦૧૩૫૨૬૨ |
| **ચંદનબેન નેમચંદ દંડ** | ૧૦૩, અવની ટાવર, દાદા સાહેબ ગાયકવાડ રોડ, જુના મુલુન્ડ (વે), મુંબઈ-૮૦. ફોન ૯૩૨૪૨૨૧૪૬૭ |
| **હીરેન રાયચંદ દંડ** | B-303, ન્યુહીલવ્યુ, ગોવર્ધનનગર, L.B.S. રોડ, મુલુન્ડ (વે), મુંબઈ-૮૦. ફોન ૯૭૦૨૩૩૫૦૫૫ |
| **કુંવરજી શીવજી મોમાયા** | ૧૦-૩-૭૮ માર્કથલ પેઠ, સીટીટોકીઝ પાછળ, રાયચુર-૫૮૪૧૦૨ |
| **મુરજી નરપાર મૈશેરી** | B-31, આનંદધામ, શીવાની હોસ્પીટલ પાસે, શ્રીનગર, થાણા (વે)-૪૦૦૬૦૪ |
| **કેતન એલ. શાહ** | ૫૦૨, અનન્ય એપા, એમ્પાયર મોલ પાછળ, TMA પાઈ સર્કલ રોડ, કોડીયાલ ગોટ્ટુ, મેંગલોર-૫૭૫૦૦૩ |
| **પ્રેમચંદ શામજી નાગડા** | ૧૦૩ સાઈ એવેન્યુ, સાઈ કોમ્પ્લેક્સ, નવઘર રોડ, મુલુન્ડ (ઈ), મુંબઈ-૮૧. ફોન ૨૫૬૩૬૧૭૫ |
| **મહેન્દ્ર મંગલચંદ મોતા** | ૨૦૫-એ બદ્રી કોમ્પ્લેક્સ, બુલઢાણા રોડ, મલકાપુર-૪૪૩૧૦૧ |
| **ચિરાગ એમ. ધરમશી** | ૨૦૨, ક્રીશ એપા, પ્લોટ ૧૮-૧૯, નવરે નગર પાસે, બી.કેબીન રોડ, અંબરનાથ (ઈ)-૪૨૧૫૦૧. |
| **ગુલાબચંદ કુંવરજી લાલકા** | એ-૭૦૪, કેનોસા, હીરાનંદાની એસ્ટેટ, ઘોડબંદર રોડ, પાટલીપાડા, થાણા (વે) ૪૦૦૬૦૭. ફોન ૨૫૩૦૮૨૫૦ |
| **અંજના બીપીન ધરમશી** | ૧૩૦૧,બ્લોક-I,અજમેરા ઇન્ફીનીટી, નીલાંદ્રી રોડ, ઇલેક્ટ્રોનીક સીટી, બેંગલોર-560100. ફોન 09731711455 |

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ-હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

| | | | |
|---|---|---|---|
| કુંવરજી મુલજી મોતા-ઘાટકોપર | ૮૦૯૭૮૭૩૮૨૬ | જવેરીબેન કુંવરજી મોતા-ઘાટકોપર | ૯૯૨૦૫૫૦૪૨૧ |
| ભરત વિશનજી લોડાયા-પુના | ૦૯૩૨૦૫૭૮૭૮૪ | સચીન અશોક દંડ-જામનગર | ૦૮૯૦૫૨૯૧૦૭૩ |
| શાંતિલાલ હીરજી લાપસીયા-જલગામ | (૦૨૫૭)૨૨૬૧૧૩૦૨ | શાંતિલાલ રામજી લાલકા-હુબલી | ૦૯૨૪૨૨૨૦૮૦૩ |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦-૧-૧૨ | પુના | SULO070304 | સાંચી-મિલિંદ મધુકાંત લોડાયા | સુથરી | કન્યા |
| ૩-૨-૧૨ | સેંઘવા | VVLA110802 | વેદા-કિંશુક પ્રવિણચંદ્ર લાલકા | વારાપધર | કન્યા |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૨-૧-૧૨ | ભુજ | NLMT010204 | સચીન દિલીપ રતનશી મોતા | નલીયા | ૨૪ |
| | રાપરગઢ | SNMA011505 | હીરલ (હંસા) સોમચંદ દેવજી મૈશેરી | નાનીસિંધોડી | ૨૧ |
| ૯-૨-૧૨ | ભુજ | MDMA011604 | જિગર ભદ્રીક પુનશી મૈશેરી | માંડવી | ૨૪ |
| | કલીકટ | VRMO131104 | વીરાલી ભરત મુલજી મોમાયા | વરાડીયા | ૨૨ |
| ૧૭-૨-૧૨ | મુલુન્ડ | NLNG012103 | સિધ્ધાર્થ રમેશ શામજી નાગડા | નલીયા | ૨૬ |
| | મુલુન્ડ | LLDD090603 | અનુક્ષા કિશોર વાલજી દંડ | લાલા | ૨૬ |
| ૨૩-૨-૧૨ | દાવણગેરી | NLLO140305 | તેજસ પ્રવિણચંદ્ર કેશવજી લોડાયા | નલીયા | ૨૮ |
| | નાગપુર | DUPL0201303 | અપેક્ષા (બીજલ) નરેન્દ્ર મેઘજી પોલડીયા | ડુમરા | ૨૪ |
| ૨૩-૨-૧૨ | મુલુન્ડ | SUCD030503 | દિપ તુષાર નરશી છેડા | સુથરી | ૨૫ |
| | મસ્જીદ | SMM02220705 | ચાર્મી વિજય હીરાચંદ મોમાયા | મોટીસીંધોડી | ૨૪ |
| ૨૩-૨-૧૨ | મુલુન્ડ | TRKN021003 | પરીન લાજેશ શાંતિલાલ ખોના | તેરા | ૨૩ |
| | અંકલેશ્વર | TRDD0102005 | સમતા ચીમનલાલ શામજી દંડ | તેરા | ૨૧ |
| ૨૩-૨-૧૨ | ઊંઝા | SUDU030804 | હર્ષલ શૈલેષ દેવજી ઘુલ્લા | સુથરી | ૨૪ |
| | નીગડી (પૂના) | VVCD030203 | યામિની યતિશ હીરાચંદ છેડા | વારાપધ્ધર | ૨૧ |
| ૯-૨-૧૨ | ગાંધીધામ | JSDH030703 | મયુર ગુલાબ વાલજી ધરમશી | જશાપુર | ૨૪ |
| | સોનગઢ | NLKN130205 | અંજલ કુલીનકાંત હીરાચંદ ખોના | નલીયા | ૨૩ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૨-૨-૧૨ | અંધેરી | ARLO030303 | બ્રિજેન કિર્તીકુમાર પદમશી લોડાયા | આરીખાણા | ૩૦ |
| | સાંતાક્રુઝ | A | આરતી પ્રકાશ કદમ | પનવેલ | ૨૫ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૭-૨-૧૨ | ડોંબિવલી | JKMU021303 | મિથુન રાયચંદ દેવશી મુનવર (જીવાણી) | જખૌ | ૨૮ |
| | ગાંધીધામ | TRNG011003 | હીરલ કાંતિલાલ કલ્યાણજી નાગડા | તેરા | ૨૬ |
| ૨૭-૨-૧૨ | ડોંબિવલી | JKMU050902 | ભાવેન મહેન્દ્ર ખેતશી મુનવર | જખૌ | ૨૯ |
| | મુલુન્ડ | JKNG020604 | અમીષા પ્રેમચંદ શામજી નાગડા | જખૌ | ૨૬ |
| ૧૮-૨-૧૨ | ધમતરી | JKSL040604 | ગુંજન તિલેશ હીરજી શિયાડ | જખૌ | ૨૭ |
| | પનવેલ | SILO100403 | ભુમિ દિપક રતનશી લોડાયા | સાંયરા | ૨૬ |
| ૩૦-૧-૧૨ | પાલીતાણા | BHDH030503 | વિશાલ હરીશ પ્રવિણચંદ્ર ધરમશી | ભરૂડિયા | ૨૮ |
| | નાલાસોપારા | BHDD040503 | અલ્પા હરીશ ધનજી દંડ | ભરૂડીયા | ૨૪ |
| ૧૭-૨-૧૨ | થાણા | GDDR010203 | હિતેન મહેન્દ્ર દેવશી ધ્રોળ | ગોધરા | ૨૬ |
| | વિઠ્ઠલવાડી | KBLO051403 | કિંજલ જીતેન્દ્ર કેશવજી લોડાયા | મોટીખાવડી | ૨૫ |
| ૨૫-૨-૧૨ | અંધેરી | SUCD010203 | સાકેત નવીન વેલજી છેડા | સુથરી | ૨૫ |
| | કાંદીવલી | RAN011203 | ફોરમ નરેન માણેકજી નાગડા | રંગપુર | ૨૧ |
| ૩૦-૧-૧૨ | ઘાટકોપર | JKMU0701 | ધર્મેશ અરવિંદ લાલજી મુનવર | જખૌ | ૩૦ |
| | ડોંબિવલી | KBLO280401 | દિવ્યા રાજેન્દ્ર ખીમજી લોડાયા | મોટીખાવડી | ૨૬ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૬-૨-૧૨ | ડોંબિવલી | SUDH091803 | અંકિત અતુલ ડુંગરશી ધરમશી | સુથરી | ૨૫ |
| | દિલ્હી | A | રાધિકા અશોક તુલીસરામ ગુપ્તા | બુલંદશહર | ૨૪ |
| ૧૭-૨-૧૨ | ઇંદોર | A | સંજય જીવરાજ કનૈયાલાલજી જૈન | બોરાવડ | ૩૫ |
| | ઇંદોર | JKMA070303 | પ્રિતી રમેશ વેલજી મૈશેરી | જખૌ | ૩૩ |
| ૧૨-૨-૧૨ | આણંદ | A | રોહનકુમાર વિમલ ભટ્ટ | ભાવનગર | ૨૫ |
| | આણંદ | BDMA010401 | દિપલ ઠાકરશી ગોવિંદજી મૈશેરી | બાંઢીયા | ૨૫ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦-૨-૧૨ | કલવા | BHDD011001 | નિર્મલ પાનાચંદ ઘેલાભાઈ દંડ | ભરૂડીયા | ૫૮ |
| ૨૨-૨-૧૨ | ચેંબુર | DALO011402 | જશવંતી સુરેશ લખમશી લોડાયા | દલતુંગી | ૬૧ |
| ૨૧-૨-૧૨ | ચેંબુર | JKNG013101 | પ્રેમચંદ વીરચંદ કાનજી નાગડા | જખૌ | ૮૦ |
| ૮-૨-૧૨ | ડોમ્બીવલી | MJDH040101 | મંજુલાબાઈ ચીમનલાલ દેવજી ધરમશી | મંજલરેલડીયા | ૮૦ |
| ૨૯-૨-૧૨ | મુલુન્ડ | TRMT050602 | જયાબાઈ વિનોદ મુલજી મોતા | તેરા | ૫૯ |

# શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી દ્વારા ગદગ-હુબલીમાં વતન વિકાસગાથા મિલન



ડો. પ્રદિપ ખોના દ્વારા આવકાર ઉદ્બોધન.



ગદગ મિલનમાં મંચસ્થ મહાનુભાવો.


શ્રી લબ્ધી મોમાયાનું સ્વાગત કરતા સતીષભાઈ લુઠીયા


શ્રી જીતેન્દ્ર પટેલ દ્વારા લબ્ધી મોમાયાનું બહુમાન.


સનસીટી લકી ડ્રોનો ચેક અર્પણ કરતા લબ્ધીભાઈ


ડો. પ્રદીપ ખોનાનું સન્માન કરતાં શ્રી લબ્ધી મોમાયા.


કાર્યક્રમ સંચાલન કરતા પરંકાબેન નાગડા


વતન વિકાસગાથા મિલનમાં ઉપસ્થિત જ્ઞાતિજનો.


પ્રિતી ભોજન માણતા જ્ઞાતિજનો.



હુબલીમાં દિપ પ્રાગટ્ય કરતાં મહાનુભાવો.


કાર્યક્રમ શુભારંભે નવકારમંત્ર પઠન.


શ્રી પરેશ નાગડાનું સન્માન કરતા શ્રી લબ્ધીભાઈ


શ્રી ભરત મોમાયાનું સન્માન કરતા શ્રી લબ્ધીભાઈ


શ્રીમતી ગીતાબેન છેડાનું સન્માન


શ્રી શાંતિલાલ લાલકાનું સન્માન કરતા શ્રી લબ્ધીભાઈ


વતન વિકાસગાથામાં ઉદ્બોધન કરતાં શ્રી ભરતભાઈ


શ્રીમતી સીમાબેન મોમાયાનું બહુમાન કરતા છાયાબેન ખોના


હુબલી કાર્યક્રમમાં ઉપસ્થિત જ્ઞાતિજનો.


શ્રી હેમરાજભાઈનું બહુમાન કરતાં શ્રી લબ્ધીભાઈ


વતન વિકાસની માહિતી આપતાં શ્રી લબ્ધીભાઈ


શ્રી વિરેન્દ્રભાઈ છેડાનું બહુમાન કરતા શ્રી શાંતિલાલ લાલકા

# હ્રદ્યાંજલિ



૨૯-૦૮-૧૯૨૬ ૧૧-૦૨-૨૦૧૨

## શ્રી કરમચંદ આણંદજી વીકમશી
## (વરાડીયા - હુબલી)

વટવૃક્ષ સમાન વિશાળ કુટુંબમાથી આપની અણધારી વિદાય ભુલાતી નથી. સમય સરતો જાય છે પણ આપની યાદ સરતી નથી. આપની હયાતી અમારી પ્રેરણા હતી. સત્કાર્યો આપની શોભા હતી. સજજનતા આપની સુવાસ હતી. પરોપકાર આપની પ્રાથમિક્તા હતી. પ્રસન્નતા આપનું જીવન હતું. વ્યવહાર આપ કદી ચુક્યા નથી. ધર્મ કદી આપ ભુલ્યા નથી. સુખ દુઃખમાં સદા હસતા રહયાં,

એવા આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ મળે અને મુકિત પંથના યાત્રી બનો એવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

**શોકાતુર**

**સમસ્ત વીકમશી પરીવાર**

**માઈક્રોફીનીશ ગૃપ ઓફ કંપનીઝ - હુબલી**

॥ શ્રી ચક્રેશ્વરીદેવીને નમઃ ॥ ॥ શ્રી સુપાર્શ્વનાથાય નમઃ ॥ ॥ શ્રી ગૌતમસ્વામીને નમઃ ॥

# શ્રી મોડપર સુપાર્શ્વનાથ મહારાજ મૂર્તિપૂજક જૈન દેરાસર-ઉપાશ્રય ટ્રસ્ટ

કચ્છ-સોરઠ પ્રદેશમાં અદ્‌ભૂત-અપુર્વ-અદ્વિતિય પ્રસંગે...

પધારો અતિથીવિશેષોની હાજરીમાં... **હાર્દિક આમંત્રણ** શ્રી નરેન્દ્રભાઈ નંદુ સંચાલિત કાર્યક્રમમાં...

મહાન ત્યાગી દંતાણીરત્ન પ.પૂ.દાદા ગુરૂદેવ આ.ભ.શ્રી આર્યરક્ષિતસુરીશ્વરજી મ.સા.ના
ક્રિયોધ્ધાર, સુરીપદ અને વિધિપક્ષ (અચલગચ્છ) પ્રવર્તનની નવમ શતાબ્દિ વર્ષની ઉજવણી પ્રસંગે
પ.પૂ. દાદા ગુરૂદેવ શ્રી કલ્યાણસાગરસુરીશ્વરજી મ.સા.ની પ્રેરણાએ નિર્મિત
પ.પૂ. દાદા ગુરૂદેવ શ્રી ગૌતમસાગરસુરીશ્વરજી મ.સા. દ્વારા પુનઃ પ્રતિષ્ઠિત
સાશનસમ્રાટ રાષ્ટ્રસંત પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસુરીશ્વરજી મ.સા.ના જન્મ શતાબ્દિ-સંયમ હિરક વર્ષનાં ઉજવણી વર્ષે,
ગચ્છાધિપતિ તપસ્વીરત્ન પ.પુ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસુરીશ્વરજી મ.સા.ની આજ્ઞા-આશિષે
તીર્થોધ્ધાર પ્રેરક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસુરીશ્વરજી મ.સા.આ.ઠા.ની પાવન નિશ્રામાં તથા
મુંબઈમાં બીરાજમાન સમસ્ત સાધુ-સાધ્વીજી ભગવંતોનાં સાંનિધ્યે...

## મોડપર તીર્થ વિકાસયાત્રાના મંગલાચરણ

**~ શુભ સ્થળ અને તારીખ ~**

**દિવસ : રવિવાર તા.૮ એપ્રિલ ૨૦૧૨ના સવારે ૮ કલાકે...**
**સ્થળ : શ્રી વર્ધમાન શ્વે.મુ. જૈન સંઘ હોલ, વર્ધમાનનગર, મુલુંડ (વે), મુંબઈ-૮૦.**

**-: કાર્યક્રમ :-**

| | |
|---|---|
| ૮.૦૦ ક. | સંઘ નવકારશી |
| ૮.૩૦ ક. | પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસુરીજીનું માંગલિક પ્રવચન |
| ૯.૦૦ ક. | "આરસ કે વારસ." લઘુનાટિકા |
| ૯.૩૦ ક. | મોડપર તીર્થ વિષે ડોક્યુમેન્ટરી ફિલ્મ |
| ૧૦.૦૦ ક. | માનવંતા મહેમાનોનું સ્વાગત, સન્માન અને પ્રાસંગિક ઉદ્‌બોધન |
| ૧૦.૩૦ ક. | **શ્રીયુત નરેન્દ્રભાઈ નંદુ** દ્વારા તીર્થ વિકાસ યોજનાની માહિતી અને **દાનપત્ર કુપન**નું વિમોચન |
| ૧.૦૦ ક. | તિર્થોધ્ધાર માટે અન્ય બાબતોપર ચર્ચા વિચારણા અને સુચનો.. સભા બાદ સ્વામિવાત્સલ્ય જમણ |

**સમારંભ અધ્યક્ષ : શ્રી નયન અશોક ભેદા** (પ્રમુખ-શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ)

**મુખ્ય અતિથિવિશેષ : શ્રી મીઠુભાઈ માવજી ગડા** (ગુરૂભક્ત અગ્રણી દાનવીર)

**-: શ્રેષ્ઠીવર્ય અતિથિવિશેષગણ :-**

| | | |
|---|---|---|
| શ્રી અમરચંદ રામજી ગાલા | શ્રી તિલોકચંદ નરશી દંડ | શ્રી નવીનચંદ્ર ઉમરશી ગંગર |
| શ્રી કિરીટ લક્ષ્મીચંદ લાપશીયા | શ્રી દીપક ધારશી ભેદા | શ્રી ભુપેન્દ્ર મુલજી દંડ |
| શ્રી. સુંદરજી મુલજી શાહ | શ્રી કુલીનકાંત પદમશી પીર | શ્રી દીપક મુલચંદ ગોસર |
| શ્રીમતી ઈંદિરાબેન જયંતિલાલ વિકમશી | શ્રી કાંતિલાલ ગાંગજી વોરા | શ્રી બીપીન પાશ્વીર નાગડા |

**આપણાં વતનની ભુમિપર સેંકડો વર્ષ પ્રાચીન આપણાં ગુરૂ ભગવંતોની પ્રેરમાએ નિર્મિત, પ્રતિષ્ઠીત અને જિર્ણોધ્ધારીત ભવ્ય તીર્થનો પાવન પુનરોધ્ધાર તીર્થ વિકાસના મંગલાચરણ પ્રસંગે સર્વે સમાજવાસી**
પરિવારજનો સહિત આપની ઉપસ્થિતી આ પ્રસંગની શાન વધારશે, જરૂરથી પધારશોજી.

*(નોંધ : મુંબઈના જ્ઞાતિજનો માટે કદી પણ ન ચૂકી શકાય તેવી અમૂલ્ય તક)*

**-: નિમંત્રક :-**

**શ્રી મોડપર સુપાર્શ્વનાથ મહારાજ મૂર્તિપૂજક જૈન દેરાસર-ઉપાશ્રય ટ્રસ્ટ વતી**
**શ્રી પંકજ કેશવજી ધરમશી (પ્રમુખ) ના જય જિનેન્દ્ર**

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# શ્રી ક.દ.ઓ. મંડળ-ડોંબિવલી યોજીત ક્રિકેટ-ચેસ ટુર્નામેન્ટ તા.૧૯-૨-૧૨



મહાવીર કપ-૨૦૧૨નું સ્વાગત બૅનર


દિપ પ્રાગટ્ય કરતા પ્રમુખશ્રી અને દાતા પ્રતિનિધીઓ


ટોસ માટે સજ્જ ટીમના કેપ્ટનો, ખેલાડીઓ અને મંડળની ટીમ



ક્રિકેટ સ્કોર તથા કોમેન્ટ્રી સંભાળતા મંડળના કાર્યકરો


સાધર્મિક સહાયતા યોજનાના દાતા શ્રી સંજય અને કલ્પેશ ધરમશીને આવકારતા મંડળ પ્રમુખ અને સેક્રેટરી


શ્રી સંજય ધરમશીની ફાંકડી ફટકાબાજી નિહાળતા પ્રેક્ષકો


મહાવીર કપ-૧૨ની વિજેતા ટીમ-મુલુંડ યંગસ્ટર્સ


મહાવીર કપ-૧૨ની રનર અપ ટીમ-રામાપીર ઈલેવન



ટુર્નામેન્ટમાં પધારેલ શ્રી ચેતન મોતા, રજુલબેન પટેલ, ગુલાબ ધરમશી, કુમાર દંડ અને રાજેશ છેડા


ચેસ ચેમ્પીયન (જુનીયર) યશ લોડાયાને ગોલ્ડ મેડલ આપતા રાજેશ છેડા


ચેસ ચેમ્પીયન (સીનીયર) શ્રી કપીશ મોમાયાનું બહુમાન કરતા શ્રી કલ્પેશ ધરમશી



ચેસ ટુર્નામેન્ટ નિહાળતા શ્રી સંજય ધરમશી અને મંડળના સભ્યો

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078. Editor : **Raichand R. Nagda**